


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 148
Dt.: 08-02-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### પીએમ મોદી બે દિવસના પ્રવાસે મલેશિયા પહોંચ્યા

# પીએમ નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપી

### પીએમ મોદીએ તમિલ સંસ્કૃતિને બિરદાવી જ્યારે મલેશિયાના પીએમએ તેમને ગ્રેટ ફ્રેન્ડ ગણાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોઆલાલંપુર

પીએમ નરેન્દ્ર મોદી બે દિવસના મલેશિયાના પ્રવાસે છે અને આજે કોઆલાલંપુર પહોંચી ગયા છે. મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમે પોતે એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ બંને નેતાઓ એક સાથે જ કારમાં બેસીને રવાના થયા હતા. હાલના સમયમાં આ રીતે કારમાં જવું એ પીએમ મોદીની ડિપ્લોમસીનો જાણે એક ભાગ બની ગયો છે. અનવર ઈબ્રાહિમે પણ પીએમ મોદીને પોતાના ગ્રેટ ફ્રેન્ડ ગણાવ્યા.

અત્રે જણાવવાનું કે પીએમ મોદીનો આ ત્રીજો મલેશિયા પ્રવાસ છે. ઓગસ્ટ ૨૦૨૪માં ભારત અને મલેશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વેપારી રણનીતિક ભાગીદારીનો દરજ્જો અપાયા બાદ આ પહેલો પ્રવાસ છે. તમને જણાવી દઈએ કે એક સમય એવો પણ હતો કે જ્યારે તત્કાલિન મલેશિયન પીએમ મહાતિર મોહમ્મદ હતા ત્યારે ભારત સાથે સંબંધોમાં કડવાશ આવી હતી. જો કે હવે જે વાતાવરણ જોવા મળી રહ્યું છે તે જોતા આ સંબંધમાં ગરમાવો ચર્ચામાં આવી ગયો છે.

કોઆલાલંપુરમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાય પીએમ મોદીના સ્વાગત માટે પહોંચ્યો. પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. અહીં ભારતીયોને મળવા પહોંચેલા પીએમ મોદીએ જ્યારે ડાયસ્પોરા ઈવેન્ટમાં પોતાનું સંબોધન શરૂ કર્યું તો મોદી મોદીના નારા સંભળાવવા લાગ્યા. મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમે પણ આ ઈવેન્ટમાં ભારતીય પીએમ મોદીને ગ્રેટ ફ્રેન્ડ ગણાવ્યા હતા.

પીએમ મોદીએ આ કાર્યક્રમમાં તમિલ ભાષા અને સંસ્કૃતિના ખુબ વખાણ કર્યા. તેમણે કહ્યું કે તમિલ લોકોએ પોતાના કૌશલ્યથી માનવતાની સેવા કરી છે. તેમણે ભારતના ઉપરાષ્ટ્રપતિ થિરુ સીપી રાધાકૃષ્ણન, વિદેશમંત્રી એસ જયશંકર, નાણામંત્રી નિર્મલા સીતારમણ, મંત્રી મુર્ગન સોગનાથન મુરુગન વગેરેના નામનો ઉલ્લેખ કર્યો જેઓ તમિલનાડુના છે. આ દરમિયાન તેમણે મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમ વિશે એક એવી વાત કરી કે લોકો દંગ રહી ગયા તેમણે કહ્યું કે તેઓ ખુબ સારું ગાય છે. પરંતુ અનેક ભારતીયોને ખબર નથી. મલેશિયાના પીએમના ભારત પ્રવાસ દરમિયાન તેમના ગીતનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તેઓ જૂનું બોલીવુડ ગીત ગાય છે. તેઓ એમજીઆરના તમિલ ગીતો પણ ખુબ પસંદ કરે છે. પીએમ મોદી જેવું આ બોલ્યા કે મલેશિયાના પીએમ હસી પડ્યા હતા. બીજી બાજુ મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમે પણ કહ્યું કે અમે આજે અહીં હાજર તમામ લોકોના ઉત્સાહ અને પ્રેમને મહેસૂસ કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે

પીએમ મોદી મેં તમારા સંઘર્ષ, તમારી રાજનીતિક મુશ્કેલીઓને જોઈ છે અને હું ભાગ્યશાળી છું કે હું ભારતના મોદીજીનો એક ખુબ સારો પર્સનલ મિત્ર છું.

આ અગાઉ પૂર્વ મલેશિયન પીએમ મહાતિર મોહમ્મદે યુએન જનરલ એસેમ્બલીમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ભારતે જમ્મુ અને કાશ્મીર પર હુમલો કરીને કબજો કર્યો છે. આ સાથે જ ભારતને પાકિસ્તાન સાથે મળીને આ મુદ્દો ઉકેલવાની વાત કરી હતી. જેના પર વિદેશ મંત્રાલયે કડક પ્રતિક્રિયા આપી હતી. તે પહેલા ૨૦૧૯માં મહાતિર મોહમ્મદે ભારતના નવા નાગરિકતા કાયદા (CAA)ની પણ ટીકા કરી હતી અને તેને મુસલમાનો વિરુદ્ધ ગણાવી દીધો હતો. તેમનું કહેવું હતું કે આ કાયદાના કારણે લોકો મરી રહ્યા છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો પણ વિરોધ કર્યો હતો. તેમણે ભારતના ભાગેડુ ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકને પણ શરણ આપી હતી. જેનો ભારતે ખુબ વિરોધ કર્યો હતો. હિન્દુઓ અને ભારતીયો વિરુદ્ધ ભડકાઉ ભાષણો આપતો હતો. મહાતિરના આ વલણથી ભારત સાથે સંબંધો બગડ્યા હતા. ભારતે મલેશિયાથી પામ ઓઈલની આયાત પર પ્રતિબંધ પણ મૂક્યો હતો. જો કે હવે પીએમ મોદીની યાત્રા દરમિયાન જે જોવા મળી રહ્યું છે તે જોતા એવું લાગે છે કે સંબંધો બદલાઈ રહ્યા છે. પીએમ મોદીના આગમન બાદ મલેશિયાના




પીએમ અનવર ઈબ્રાહિમ અને પીએમ મોદી એક સાથે કારમાં ગયા તે વાત સાક્ષી પૂરે છે કે કડવાહટનો દૌર વીતી ચૂક્યો છે. બંને એક સાથે એક કારમાં બેસીને ભારતીય સમુદાયના કાર્યક્રમ સ્થળે ગયા. ભારત અને મલેશિયાના સંબંધોમાં હાલ પ્રગતિ જોવા મળી છે. બંને દેશ રક્ષા, સુરક્ષા સંબંધોને મજબૂત બનાવવામાં, આર્થિક અને ઈનોવેશન પાર્ટનરશીપને વધારવા તથા નવા ક્ષેત્રોમાં પોતાનો સહયોગ વધારવા માંગે છે.

### ભાગી રહેલા પરિવારો બન્યા ભોગ

## સુદાનમાં RSFના હુમલામાં ૮ બાળકો સહિત ૨૪ નિર્દોષ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુદાન

સુદાનમાં છેલ્લા ત્રણ વર્ષથી ગૃહ યુદ્ધ ચાલી રહ્યું છે. દેશમાં માનવીય સંકટ વધુ ઘેરું બનતા સેના અને રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચેનો સંઘર્ષ વધુ લોહિયાળ બન્યો છે. રાજનૈતિક પારદર્શિતા ભૂંસાઈ ગઈ છે. તેની વચ્ચે સુદાનના ઉત્તર કોર્ડોફાન વિસ્તારના રાહદ નજીક એક ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા છે. જેમાં આઠ બાળકો પણ સામેલ છે. આ હુમલો દેશના કુખ્યાત પેરા મિલીટરી સમૂહ રેપિડ સપોર્ટ ફોર્સ દ્વારા કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર મૃતકોમાં બે નવજાત બાળકો પણ છે. હુમલો એ વાહન પર કરવામાં આવ્યો જેની આડમાં લોકો ડરના માર્યા સ્થાળાંતર કરી રહ્યા હતા. ડોક્ટર્સ નેટવર્કએ આંતરરાષ્ટ્રીય સમાજ અને માનવ અધિકાર સંગઠનોને અપીલ કરી છે કે 'સિવિલિયનની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે અને RSF નેતૃત્વને તેના ગુનાઓ માટે જવાબદાર ઠેરવવામાં આવે' ડ્રોન હુમલો એટલો ઘાતકી હતો કે ૨૪ લોકો મોતને ભેટયા છે, જો કે RSF તરફથી હજુ સુધી કોઈ ટિપ્પણી કે જવાબદારી લેવામાં આવી નથી. આ સંગઠન છેલ્લા ત્રણ વર્ષથી સુદાનની સેના સામે દેશ પર કબજો કરવા આતંરિક યુદ્ધ કરી રહ્યું છે. જેનાથી દેશમાં બીમારી અને આપાતકાળની સ્થિતિ પેદા થઈ છે. વિશ્વ આરોગ્ય સંગઠનના ગત ડિસેમ્બરના રિપોર્ટ મુજબ યુદ્ધમાં ૪૦,૦૦૦થી વધુ સૈનિકોના મોત થયા છે, જ્યારે ૧.૨ કરોડ લોકો પોતાના ઘર છોડવા મજબૂર થયા છે. જ્યારે હજારો લોકો પોતાના જીવ બચાવવા માટે ઘરો છોડીને ક્યાંક ભાગી ગયા છે. આ જૂથ કથિત જંજાવીદ મિલિશિયાથી બન્યું છે, જે વર્ષ ૨૦૦૦માં દારફુર ક્ષેત્રમાં થયેલા સંઘર્ષમાં સામેલ હતું. ખાસ વાત એ છે કે, ત્યાં સરકાર જ બળવાને રોકવા માટે તેનો ઉપયોગ કરી રહી હતી. આ સંઘર્ષમાં ૩ લાખ લોકોના મોત થયા હતા અને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે સરકારી અધિકારીઓ અને મિલિશિયાના કમાન્ડરો પર આરોપ લગાવ્યો હતો. સમયની સાથે વધતું ગયું અને ૨૦૧૩માં RSFમાં પરિવર્તિત થઈ ગયુ હતું. તે સમયે તેના દળોનો ઉપયોગ સરહદ સુરક્ષા માટે થતો હતો. ૨૦૧૫માં RSFએ સુદાનની સેના સાથે મળીને સૈનિકોને યુદ્ધમાં યમન મોકલવાનું શરૂ કરી દીધુ હતું. તે જ વર્ષે જૂથને રેગ્યુલર ફોર્સનો દરજ્જો મળ્યો. ૨૦૧૭માં RSFને સ્વતંત્ર સુરક્ષા દળનો દરજ્જો આપતો કાયદો પસાર કરવામાં આવ્યો. દારફુર ઉપરાંત RSFને દક્ષિણ કોર્ડોફાન જેવા વિસ્તારોમાં પણ મોકલવામાં આવ્યા, જ્યાં તેના પર માનવ અધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવવામાં આવ્યો. ૨૦૧૫ના એક અહેવાલમાં હ્યુમન રાઈટ્સ વોચે આ દળને 'નિર્દય લોક' ગણાવ્યું હતું.

### ઈરાની તેલ વહન કરતા ૧૪ જહાજો પર અમેરિકાનો પ્રતિબંધ

## અમેરિકા-ઈરાન વચ્ચેની બેઠક 'ફેલ' થતાં ટ્રમ્પે નવા પ્રતિબંધ ઝીંક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને ઓમાનની રાજધાની મસ્કતમાં બંને દેશો વચ્ચે ચાલેલી પરોક્ષ વાતચીત હજુ માંડ પૂરી થઈ હતી, ત્યાં જ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ કડક તેલ પ્રતિબંધોની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે.

અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન તેલની કમાણીનો ઉપયોગ દુનિયામાં અસ્થિરતા ફેલાવવા અને પોતાના દેશમાં લોકોનું દમન કરવા માટે કરે છે, તેથી તેના તેલ નિકાસને રોકવુ જરૂરી છે. ડોનાલ્ડ ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'(મહત્તમ દબાણ) નીતિ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું જોવા મળી રહ્યું છે.આ નવા પ્રતિબંધોમાં અમેરિકાએ ઈરાની તેલ વહન કરતા ૧૪ જહાજોને નિશાન બનાવ્યા છે, જેમાં તૂર્કીયે, ભારત અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ ના ધ્વજ ધરાવતા જહાજોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૫ કંપનીઓ અને ૨ વ્યક્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે આ જહાજો કે સંસ્થાઓ સાથેનો કોઈપણ વ્યવહાર અમેરિકન કાયદા મુજબ ગેરકાયદેસર ગણાશે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસન ઈરાનના ગેરકાયદે તેલ અને પેટ્રોકેમિકલ નિકાસને રોકવા માટે મક્કમ છે.

આ ઘટનાક્રમની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઓમાનની વાતચીતને હકારાત્મક ગણાવી હતી, પરંતુ અમેરિકાએ વાતચીતની સાથે દબાણ ચાલુ રાખવાની પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈરાનમાં ચાલી રહેલા આંતરિક વિરોધ પ્રદર્શનો અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠા પાસે સૈન્ય હાજરી પણ વધારી દીધી છે. નિષ્ણાતો માને છે કે અમેરિકા એક તરફ રાજદ્વારી માર્ગ ખુલ્લો રાખીને બીજી તરફ આર્થિક અને સૈન્ય રીતે ઈરાનને ઘૂંટણિયે લાવવા માંગે છે.

### ૪૦૦ ડ્રોન અને ૪૦ મિસાઈલ છોડી

## યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનો વધુ એક હુમલો

### રાજદ્વારી તક ગુમાવતું રશિયાઃ યુક્રેનનો ગંભીર આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

મોડી રાત્રે રશિયાએ યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભીષણ હવાઈ હુમલો કર્યો હતો. પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીના જણાવ્યા અનુસાર, રશિયાએ આ હુમલામાં ૪૦૦થી વધુ ડ્રોન અને ૪૦ મિસાઈલોનો ઉપયોગ કર્યો છે. આ હુમલાનો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના પાવર ગ્રીડ, વીજ ઉત્પાદન કેન્દ્રો અને સબસ્ટેશનોને નુકસાન પહોંચાડીને દેશને અંધકારમાં ધકેલી દેવાનો હતો. આ ભીષણ હુમલાને કારણે યુક્રેન સરકારને તાત્કાલિક અસરથી સમગ્ર દેશમાં ઈમરજન્સી પાવર કટ(વીજ પુરવઠો બંધ) કરવાની ફરજ પડી છે. વોલોદિમિર ઝેલેન્સ્કીએ આ ઘટના અંગે દુઃખ વ્યકત કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, રશિયા પાસે રાજદ્વારી રસ્તો પસંદ કરવાની તક હતી, પરંતુ તેણે ફરી એકવાર હિંસાનો માર્ગ પસંદ કર્યો છે.

જ્યાં પણ સુરક્ષાની સ્થિતિ અનુકૂળ છે, ત્યાં રશિયન હુમલાના સ્થળોએ બચાવ અને સમારકામની કામગીરી સતત ચાલી રહી છે. ગઈકાલ રાત્રે થયેલા આ હુમલામાં ૪૦૦થી વધુ ડ્રોન અને લગભગ ૪૦ અલગ-અલગ પ્રકારની મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રશિયાના મુખ્ય નિશાન પર યુક્રેનના એનર્જી ગ્રીડ, વીજ ઉત્પાદન મથકો અને વિતરણ સબસ્ટેશનો હતા. વોલિન, ઈવાનો-ફ્રેન્કિવસ્ક, લ્વીવ અને રિવને પ્રદેશોમાં મોટાપાયે નુકસાનના અહેવાલો છે. રિવનેમાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગને પણ નુકસાન પહોંચ્યું છે, જ્યારે વિનિત્સિયા પ્રદેશના લેડીઝિનમાં ડ્રોન હુમલામાં એક એગ્રીકલ્ચરલ કોલેજની વહીવટી ઈમારતને નિશાન બનાવવામાં આવી હતી. આ ઉપરાંત કિવ અને ખાર્કિવમાં પણ હુમલા થયા છે અને કેટલાક વિસ્તારોમાં હજુ પણ એર ડિફેન્સની કામગીરી ચાલુ છે. રશિયા પાસે દરરોજ સાચી મુત્સદ્દીગીરી કે વાતચીત પસંદ કરવાનો વિકલ્પ હોય છે, પરંતુ તે તેના બદલે નવા હુમલાઓ કરવાનું પસંદ કરે છે. જે લોકો ત્રિપક્ષીય વાટાઘાટોને સમર્થન આપે છે, તેઓ આ હુમલાઓ સામે અવાજ ઉઠાવે તે ખૂબ જ જરૂરી છે. યુક્રેન વિરુદ્ધ કડકડતી ઠંડીને હથિયાર તરીકે વાપરવાની મોસ્કોની આ શક્તિને આપણે ખતમ કરવી જ પડશે.

### ટ્રેડ ડીલનું માળખું જાહેર

## મોટી રાહત : ટ્રમ્પે ભારત પર દંડરૂપે લગાવેલો ૨૫% ટેરિફ હટાવ્યો

### ૧૮% ટેરિફના નવા નિયમથી વૈશ્વિક બજારમાં ભારતીય જૂતા અને ચામડાની વસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશેઃ ભારત હવે અમેરિકન શેલ ઓઈલ અને ગેસની મોટી આયાત કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા વ્યાપારી તણાવનો આખરે અંત આવ્યો છે. શનિવારે વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, બંને દેશો વચ્ચે એક વચગાળાના વ્યાપાર કરાર પર સહમતી સધાઈ છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા વ્યૂહાત્મક યુગની શરૂઆત માનવામાં આવે છે. આ સમજૂતીમાં સૌથી મહત્ત્વનું એ છે કે પ્રમુખ ટ્રમ્પે એ કાર્યકારી આદેશ પર સહી કરી દીધી છે જે હેઠળ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાને કારણે ભારત પર લગાવેલો ૨૫% ટેરિફર રદ કરી દેવામાં આવ્યો છે. કરાર હેઠળ હવે અમેરિકા ભારત પાસેથી ફક્ત ૧૮% ટેરિફ વસૂલશે.

આ કરાર હેઠળ ખાસ કરીને ફૂટવેર અને લેધર ઈન્ડસ્ટ્રીને મોટી રાહત મળી છે. ૧૮% ટેરિફના નવા નિયમથી વૈશ્વિક બજારમાં ભારતીય જૂતા અને ચામડાની વસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશે.

આ ઉપરાંત, રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લાદવામાં આવેલા વધારાના શુલ્ક પણ પાછા ખેંચવામાં આવ્યા છે. આ રાહત બાદ ભારતીય ઉત્પાદનો હવે વિયેતનામ અને ચીન કરતા અમેરિકી બજારમાં વધુ સસ્તા અને સુલભ બનશે.રાહતના બદલામાં ભારતે પણ કેટલાક મોટા નિર્ણયો લીધા છે.

ભારત હવે અમેરિકન શેલ ઓઈલ અને ગેસની મોટી આયાત કરશે. આ ઉપરાંત, અમેરિકન બદામ, સફરજન, અખરોટ અને સોયાબીન તેલ માટે ભારતીય બજારના દરવાજા વધુ ખુલશે. મેડિકલ ડિવાઈસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ના સાધનો માટે આયાત પ્રક્રિયાને પણ સરળ બનાવવામાં આવશે. એટલું જ નહીં, બોઈંગ જેવા અમેરિકન વિમાન ઉત્પાદકોને ભારત તરફથી મોટા ઓર્ડર મળી શકે છે.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલના જણાવ્યા અનુસાર, આ વચગાળાના કરારને માર્ચના મધ્ય સુધીમાં ઔપચારિક કાયદાકીય દસ્તાવેજમાં ફેરવી દેવામાં આવશે. જોકે, ભારતીય ખેડૂત સંગઠનોએ કૃષિ ક્ષેત્ર ખોલવાની સંભાવનાઓ પર ચિંતા વ્યકત કરી છે, જેની સામે સરકારે સંવેદનશીલ ક્ષેત્રોમાં સુરક્ષા રાખવાનું આશ્વાસન આપ્યું છે.

## રેલવે RAC ટિકિટનું અમુક ભાડું મુસાફરને પરત કરેઃ સંસદીય સમિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદીય સમિતિએ રેલવે મંત્રાલયને આરએસી કેટેગરીની ટિકિટ બુકિંગ લઈને એક મહત્વપૂર્ણ સૂચન કર્યુ છે. સંસદીય સમિતિએ કહ્યું કે આરએસી કેટેગરી હેઠળ બુક કરાયેલા ટિકિટ માટે મુસાફરો પાસેથી સંપૂર્ણ ભાડું વસૂલવું યોગ્ય નથી. સમિતિએ રેલવે મંત્રાલયને સૂચન કર્યુ કે આવા મુસાફરોને આંશિક ભાડું પરત આપવા માટે નિયમો બનાવવામાં આવે.વર્તમાન નિયમો મુજબ, રેલવે આરએસી કેટેગરી હેઠળ ટ્રેનમાં બર્થ બુક કરવા માટે મુસાફર પાસેથી સંપૂર્ણ ભાડું વસૂલે છે. પરંતુ મુસાફરને આરએસી કેટેગરીમાં રહીને બર્થ બીજા આરએસી મુસાફર સાથે વહેંચવો પડે છે, એટલે બંને મુસાફરો રેલવેને સંપૂર્ણ ભાડું ચૂકવે છે. સુપરફાસ્ટ ટ્રેનોના વર્ગીકરણ અંગેની સંસદીય સમિતિએ કહ્યું કે ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપનો માપદંડ ખૂબ જ ઓછો છે. સમિતિએ નોંધ્યું કે ૨૦૦૭ પછી સુપરફાસ્ટ ટ્રેનોના વર્ગીકરણના નિયમોમાં કોઈ ફેરફાર થયો નથી.હાલમાં ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપ ધરાવતી ટ્રેનોને સુપરફાસ્ટ ગણવામાં આવે છે. પબ્લિક એકાઉન્ટ કમિટી (પીએસી)એ જણાવ્યું કે 'રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન' (આરએસી) હેઠળની ટિકિટ માટે સંપૂર્ણ ભાડું વસૂલવું યોગ્ય નથી.




# તંત્રી લેખ......

## નોકરી કરતા લોકોને મોટી ભેટ આપવાની તૈયારીમાં સરકાર

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) અને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ને મોટો ફાયદો મળવાનો છે. કેન્દ્ર સરકાર પગાર મર્યાદામાં વધારો સહિત અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ આ સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શ્રમ અને રોજગાર મંત્રાલય ટૂંક સમયમાં EPFO અને ESIC હેઠળ પગાર મર્યાદા વધારવા, લઘુત્તમ વેતન નક્કી કરવા અને કર્મચારી પેન્શન યોજના, ૧૯૯૫ (EPS) હેઠળ લઘુત્તમ પેન્શન વધારવા અંગે નિર્ણય લેશે. માંડવિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર સાથે તાજેતરની બેઠકોમાં આ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા અને આગામી દિવસોમાં કામદારોના હિતમાં નિર્ણય લેવામાં આવશે. હાલમાં, EPFO માટે પગાર મર્યાદા ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ મહિનો છે, જ્યારે ESIC માટે તે ૨૧,૦૦૦ રૂપિયા છે. EPS માટે લઘુત્તમ પેન્શન દર મહિને ૧,૦૦૦ રૂપિયા છે. જો સરકાર મર્યાદામાં વધારો કરે છે, તો મોટાભાગના નોકરી કરતા લોકો આવરી લેવામાં આવશે. ગયા જાન્યુઆરીમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) યોજનામાં પગાર મર્યાદામાં સુધારો કરવા અંગે ચાર મહિનાની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ મર્યાદા છેલ્લા ૧૧ વર્ષથી યથાવત છે. સામાજિક કાર્યકર્તા નવીન પ્રકાશ નૌટિયાલ દ્વારા દાખલ કરાયેલી અરજી પર ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચાંદુરકરની બેન્ચે આ આદેશ આપ્યો હતો. અરજદાર વકીલો પ્રણવ સચદેવ અને નેહા રાઠીએ દલીલ કરી હતી કે દેશના ઘણા ભાગોમાં લઘુત્તમ વેતન આ મર્યાદા કરતાં વધુ હોવા છતાં, EPF પગાર મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનાથી મોટી સંખ્યામાં કર્મચારીઓ સામાજિક સુરક્ષા અને ભવિષ્ય નિધિના લાભોથી વંચિત રહી રહ્યા છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે છેલ્લા ૭૦ વર્ષોમાં વેતન મર્યાદામાં સુધારો મનસ્વી રહ્યો છે, ક્યારેક ૧૩-૧૪ વર્ષના અંતરાલ પછી થાય છે. આ સમયગાળા દરમિયાન, ફુગાવો, લઘુત્તમ વેતન અથવા માથાદીઠ આવક જેવા આર્થિક સૂચકાંકો સાથે કોઈ સંબંધ જાળવવામાં આવ્યો ન હતો.

## સેક્સ રેકેટમાં બાંગ્લાદેશી યુવતીઓને ધકેલવા માટે ખાસ ગેંગ સક્રિય

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ચાલતા દેહ વિક્રયના કારોબારમાં બાંગ્લાદેશી યુવતીઓને મોટાપાયે ધકેલવાનું સુવ્યવસ્થિત કૌભાંડ થોડા મહિના પહેલા બહાર આવ્યું હતું. જેમાં બાંગ્લાદેશી યુવતીઓ અમદાવાદના એજન્ટો સાથે મોબાઈલ ફોનથી ચોક્કસ એપ્લીકેશની સંપર્કમાં રહેતી હોવાથી પોલીસ સુધી તેમના કોલ ડીટેઈલની વિગતો પહોંચતી નહોતી. જો કે સોલા પોલીસે પાડેલા દરોડામાં સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. પરતુ ચોંકાવનારી વિગતો એવી છે કે અમદાવાદના વિવિધ વિસ્તારો અનેક એજન્ટો દ્વારા બાંગ્લાદેશી યુવતીઓને લાવતી ગેંગ સક્રિય થઈ છે. ત્યારે આ વાતનો પુરાવો આપતો એક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે.

પાલડી સ્થિત હોટલમાં બાંગ્લાદેશી યુવતીઓની સંડોવણીનો વિડીયો વાયરલ થતા તપાસ શરૂ ૨ - imageજે પાલડી સ્થિત સુરભી હોટલનો હોવાનું જાણવા મળ્યુ છે. જેમાં મુમતાઝ નામની મહિલા સંચાલિકા ગ્રાહકોને ખાસ બાંગ્લાદેશી યુવતીઓ અંગે ખાતરી આપે છે અને ગ્રાહકો પાસેથી બે થી ત્રણ હજાર રૂપિયા વસુલે છે. આ મહિલા સાથે નાગેશ નામના વ્યક્તિનું પણ નામ જોડાયેલું હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ વિડીયો વાયરલ થતા તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસને આ ઉપરાત, શાહીબાગ, નરોલ અને ઈસનપુર વિસ્તારમાં ગેસ્ટ હાઉસમાં બાગ્લાદેશી યુવતીઓને લાવતા એજન્ટો અંગે માહિતી મળતા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. જેથી આગામી દિવસોમાં બાંગ્લાદેશી યુવતીઓના શોષણના કૌભાંડના ખુલાસા થઈ શકે છે.

## નડિયાદમાં મોટી શાક માર્કેટની દુકાનોમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા

ખેડા જિલ્લાના નડિયાદ શહેરમાં આવેલી મોટી શાક માર્કેટમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ આગમાં અંદાજે ૬ જેટલી દુકાનો સંપૂર્ણપણે આગની લપેટમાં આવી ગઈ હતી.

આગના કારણે કોથળા, શાકભાજી તેમજ અન્ય ચીજવસ્તુઓ સળગી ઉઠી હતી. ખાસ કરીને લસણ સહિતના શાકભાજીનો મોટો જથ્થો આગમાં બળીને ખાખ થયો છે. આગને કારણે વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું અનુમાન છે.

ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આગ વધુ ફેલાય તે પહેલાં જ ફાયર વિભાગે પરિસ્થિતિ સંભાળી લીધી હતી.

હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ઘટનાને લઈને પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાથી શાક માર્કેટ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

### લોકોએ નકારી દીધા એટલે કોર્ટનો ઉપયોગ કરી રહ્યા છોઃ સુપ્રીમની ટકોર

## બિહાર ચૂંટણીના પરિણામોને પડકરાતી પ્રશાંત કિશોરની અરજી સુપ્રીમે ફગાવી

### બિહાર વિધાનસભા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની પાર્ટીએ ૨૪૩ પૈકી ૨૪૨ વિધાનસભા બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતાં, પરંતુ એક પણ બેઠક મળી નહોતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ૬ ફેબ્રુઆરી, શુક્રવારે રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર દ્વારા સ્થાપિત જન સુરાજ પાર્ટીની અરજીની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે.

આ અરજીમાં પ્રશાંત કિશોરની પાર્ટીએ ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોને પડકાર્યા હતા. જન સુરાજ પાર્ટીએ પોતાની અરજીમાં આક્ષેપ કર્યો હતો કે સરકારે મતદાતાઓને લોભાવવા માટે કલ્યાણકારી યોજનાઓનો દુરુપયોગ કર્યો હતો. પાર્ટીએ ચૂંટણી દરમિયાન ગેરરીતિઓ થયાનો હવાલો આપીને ફરીથી ચૂંટણી યોજવાની માંગ કરી હતી.

આ મામલે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જૉયમાલ્યા બાગચીની બેન્ચે ચૂંટણી હાર્યા બાદ ન્યાયિક મંચનો સહારો લેવાની કોશિશ કરવા બદલ પ્રશાંત કિશોરની પાર્ટીને ટકોર કરી હતી. ઉલ્લેખનીય છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની પાર્ટીએ ૨૪૩ પૈકી ૨૪૨ વિધાનસભા બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતાં, પરંતુ એક પણ બેઠક મળી નહોતી.સુપ્રીમે પ્રશાંત કિશોરને પૂછ્યું કે, ''તમારી પાર્ટીને કેટલા મત મળ્યા? જ્યારે લોકો નકારી દે છે, ત્યારે તમે લોકપ્રિયતા મેળવવા માટે કોર્ટનો સહારો લો છો.'' આ સાથે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે કોઈ રાજકીય પક્ષના કહેવા પર આખા રાજ્યની ચૂંટણી રદ્દ કરવાનો આદેશ આપી શકાય નહીં.

### પાકિસ્તાન હારવાની અણીએ આવી ગયું હતું

## નેધરલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં પાકિસ્તાનની જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટી૨૦ વર્લ્ડ કપના પહેલા દિવસે જ ખૂબ જ રોમાંચક મેચ જોવા મળી છે. નેધરલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં મોટો ઉલેટફેર થતાં-થતાં રહી ગયો. જો છેલ્લે-છેલ્લે એક કોચ પકડી લેવામાં આવ્યો હોત તો પાકિસ્તાન માટે જીતવું લગભગ અશક્ય જ હતું.

કોલંબોમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. નેધરલેન્ડની ટીમે ૧૪૮ રન કર્યા હતા. જેના જવાબમાં રનચેઝ કરતી પાકિસ્તાનની ટીમને રીતસર ફાંફા પડી ગયા હતા. એક વખતે એવું લાગતું હતું કે પાકિસ્તાન હારવાની અળીએ આવી ગયું છે. પરંતુ ફહીમ અશરફે બાજી બદલી નાંખી. જોકે, તેનો કેચ મિસ થયો ન હોત તો કદાચ પરિણામ અલગ હોત.

૧૪૮ રનના લક્ષ્યાંકનો પીછો કરવા મેદાને ઉતરેલી પાકિસ્તાનની ટીમ ૧૮ ઓવરમાં સાત વિકેટે ૧૧૯ રન બનાવી હારની નજીક જઈ રહી હતી. પરંતુ છેલ્લી બે ઓવરમાં ૨૯ રન બનાવીને બાજી પલટી નાંખી. ફહીમ પાકિસ્તાન માટે ગેમ ચેન્જર બન્યો. તેણે ૧૧ બોલ પર ૨૯ રન કર્યા. જેમાં ૩ છગ્ગા ફટકાર્યા હતા.

૧૯મી ઓવરે આખી મેચ બદલી નાખી. લોગન વાન બીક ૧૯મી ઓવર કરવા આવ્યો હતો અને પાકિસ્તાનના ફહીમ અશરફ અને શાહીન આફ્રિદીએ આ ઓવરમાં ૨૪ રન બનાવ્યા હતા. ફહીમે ઓવરના પહેલા બોલ પર છગ્ગો ફટકાર્યો હતો, પરંતુ મેક્સ ઓ'ડાઉડે બીજા બોલ પર ફહીમનો આસાન કેચ છોડી દીધો. ત્યારબાદ ફહીમે તેને મળેલા જીવનનો પૂરો ફાયદો ઉઠાવ્યો, તેણે આગામી ચાર બોલમાં બે છગ્ગા અને એક ચોગ્ગા ફટકાર્યા હતા.

છેલ્લી ઓવરમાં જીત માટે પાંચ રનની જરૂર હતી, પરંતુ પાકિસ્તાને ત્રણ બોલમાં પાંચ રન બનાવ્યા. આમ, પાકિસ્તાને ૧૯.૩ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. ફહીમે ૧૧ બોલમાં બે ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવ્યા, જ્યારે શાહીન આફ્રિદી પાંચ રન બનાવીને અણનમ રહ્યો.

### મેક ઈન ઈન્ડિયા અભિયાનને એક નવી ગતિ મળશે

## ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ ફાઈનલ થતાં મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો

### PM મોદીએ જણાવ્યું હતું કે, આ સમજૂતી બંને દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસ અને મજબૂત સંબંધોનું પરિણામ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા મહત્વપૂર્ણ વ્યાપાર કરાર પર ખુશી વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. PM મોદીએ જણાવ્યું હતું કે, આ સમજૂતી બંને દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસ અને મજબૂત સંબંધોનું પરિણામ છે. આ ડીલ દ્વારા ભારતીય ખેડૂતો, સ્ટાર્ટઅપ્સ અને માછીમારો માટે વૈશ્વિક બજારના દ્વાર ખુલશે અને મેક ઈન ઈન્ડિયા અભિયાનને એક નવી ગતિ મળશે.

આ કરાર અંતર્ગત અમેરિકાએ રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર લાદવામાં આવેલો ૨૫ ટકાનો વધારાનો ટેરિફ (દંડ) પાછો ખેંચી લીધો છે. હવે કુલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાન (એરક્રાફ્ટ) અને તેના ઉપકરણો પરની ડ્યુટી પણ નાબૂદ કરવામાં આવી છે. આ પગલાથી ભારતીય નિકાસકારોને અમેરિકન બજારમાં મોટો ફાયદો થશે.

કોને થશે સૌથી વધુ ફાયદો?

PM મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા કહ્યું કે, આ કરારથી નીચેના ક્ષેત્રોમાં નવી તકો ઊભી થશે:

ખેડૂતો અને માછીમારો: નવા બજારો મળવાથી તેમની આવકમાં વધારો થશે.

**MSME** અને સ્ટાર્ટઅપ: નાના ઉદ્યોગોને તેમની પ્રોડક્ટ્સ અમેરિકામાં સરળતાથી વેચવાની તક મળશે.

ઉદ્યોગસાહસિકો: ટેકનિકલ સહયોગ અને રોકાણના નવા રસ્તાઓ ખુલશે.

આ ડીલની સૌથી મોટી ખાસિયત એ છે કે ભારતે પોતાના સંવેદનશીલ ક્ષેત્રો જેવા કે ખેતી અને ડેરી ઉત્પાદનોને આ કરારથી સુરક્ષિત રાખ્યા છે. ઘઉં, બાજરી, દૂધ અને અન્ય ડેરી પ્રોડક્ટ્સ પર કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવી નથી, જેથી ભારતીય ખેડૂતોના હિતોને કોઈ આંચ ન આવે.

### સમાજને સંગઠિત કરવા સિવાય બીજું કોઈ કામ નથી

## RSS કોઈ પોલિટિકલ પાર્ટી નથીઃ મોહન ભાગવત

### RSSના ૧૦૦ વર્ષ પૂરા થતા વર્લીમાં નહેરુ સેન્ટરમાં એક ભવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના ૧૦૦ વર્ષ પૂરા થઈ ગયા છે. તેના ઉપલક્ષ્યમાં આજે મુંબઈના વર્લીમાં નહેરુ સેન્ટરમાં એક ભવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનનું નામ મુંબઈ વ્યાખ્યાનમાલા રાખ્યું છે. આ કાર્યક્રમમાં સંબોધન કરતા મોહન ભાગવતે કહ્યું કે સંઘ કોઈ પોલિટિકલ પાર્ટી નથી, પણ તેની સાથે જોડાયેલા લોકો પોલિટિક્સમાં છે. તેમણે સંઘની પરિભાષા, સંઘના કામ, હિન્દુ શબ્દની ઉત્પત્તિ અને તમામ ધર્મોના ભાવ વિશે વાત કરી. તેમણે જણાવ્યું કે ભારતીય હોવું, ખાલી નાગરિક હોવું નથી, આ એક સ્વભાવ છે. આ જોડનારો સ્વભાવ છે, જેને આપણે અનુશાસનબદ્ધ થઈને મોટું કરવાનું છે. મોહન ભાગવતે જણાવ્યું કે, સર ઓ હ્યૂમની પ્રેરણાથી અને યોજનાથી એક સેફ્ટી વોલના નાતે એક સંસ્થા ઉત્પન્ન થઈ. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ, પણ આપણા લોકોએ તેને પોતાની આઝાદીની લડાઈને ખૂબ જ પ્રભાવી હથિયાર બનાવ્યું. તેમના નેતૃત્વમાં જે કામ થયું, તેનાથી બહુ મોટી જાગૃતિ આવી. માણસ સ્વતંત્રતા માટે રસ્તા પર આવ્યા. જે કંઈ કરતા હતા, તે દેશની સ્વતંત્રતા માટે કરતા હતા, આવું વાતાવરણ એક લાંબા સમય સુધી રહ્યું. સંઘ પ્રમુખે ભાગવતને જણાવ્યું કે સંઘના સ્વયંસેવક સરકારથી કોઈ ધન લીધા વિના અને સમાજના સહયોગથી પોતાના સ્વયંના ધનનો ઉપયોગ કરી ૧.૩ લાખથી વધારે સેવા ગતિવિધિઓ ચલાવી રહ્યા છે. હિન્દુ સંજ્ઞા નથી, વિશેષણ છે. ભારતમાં રહેતા તમામ હિન્દુ જ છે. મોહન ભાગવતે કહ્યું કે સંઘે પહેલાથી નક્કી કર્યું કે સંપૂર્ણ સમાજને સંગઠિત કરવા ઉપરાંત સંઘને બીજું કોઈ કામ નથી. જેને તમે આરએસએસ કહો છો, તમે કઈ રીતે કહો છો તે નથી ખબર. ઘણા લોકો કહે છે કે નરેન્દ્ર ભાઈ પ્રધાનમંત્રી છે. તેઓ આરએસએસના પ્રધાનમંત્રી છે, તો જણાવી દઈએ કે તેમની એક પોલિટિકલ પાર્ટી છે. ભાજપ છે. જે અલગ છે. તેમાં ઘણા સ્વયંસેવક છે. પ્રભાવી પણ છે.

સંઘ કોઈ બીજી સંસ્થાની પ્રતિસ્પર્ધામાં નથી. નથી કોઈના રિએક્શન કે વિરોધમાં નીકળ્યા. અમારું કામ કોઈ પણ વિરોધ વિના કરીએ છીએ. સંઘને લોકપ્રિયતા નથી જોઈતી. સંઘને પાવર નથી જોઈતો. જેટલા પણ ભલા કામ દેશ માટે થઈ રહ્યા છે, તે સારી રીતે થાય. તેના માટે સંઘ છે. ખૂબ જ કપરી પરિસ્થિતિમાં પણ ડો. હેડગેવારે બે વાતને ક્યારેય નથી છોડી. એક- પોતાના અભ્યાસમાં હંમેશા ફર્સ્ટ ક્લાસ આવવું, બીજું-દેશ માટે જે કંઈ ચાલી રહ્યું હતું, તેમાં સક્રિય ભાગ લેવો. આ તેમના જીવનના સ્થાયી કાર્ય હતા. સંઘનું કામ અનોખું છે. આખી દુનિયામાં આવું નથી, હવે તો તે પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે.

### લગ્નમાં પ્રવેશ કરવાનો તેમનો નિર્ણય પવિત્ર ગણાવો જોઈએ

## પુખ્ત લોકોના લગ્ન કરવાના નિર્ણયમાં માતા-પિતા પણ હસ્તક્ષેપ ના કરી શકે

### પરસ્પર સંમતિ ધરાવતા પુખ્ત લોકોને મરજી મુજબ લગ્ન કરવાનો બંધારણીય અધિકારઃ સરકાર કે સમાજ તેમાં દખલ કરી શકે નહીઃ દિલ્હી હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પરસ્પર સંમતિ ધરાવતા પુખ્ત વયના લોકોને એકબીજા સાથે લગ્ન કરવાનો બંધારણીય અધિકાર છે અને તેમના નિર્ણયમાં સમાજ, સરકાર કે તેમના માતા-પિતા પણ હસ્તક્ષેપ કરી શકે, એમ દિલ્હી હાર્કોર્ટે પોતાનું અવલોકન વ્યક્ત કર્યું હતું.સ્ત્રીના પિતાએ લગ્ન કરવાની તેની પસંદગીનો વિરોધ કર્યો હતો, જેના પગલે દંપતીએ સુરક્ષા માગતી અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે આ મુજબનું અવલોકન વ્યક્ત કર્યું હતું. દંપતીને પોલીસ સંરક્ષણ આપતાં ન્યાયમૂર્તિ સૌરભ બેનર્જીએ જણાવ્યું કે લગ્ન કરવાનો અધિકાર માનવીય સ્વતંત્રતા અને પસંદગીનું અવિભાજ્ય અંગ છે, જે બંધારણની કલમ ૨૧ તથા માનવ અધિકારોની સર્વજનિક ઘોષણાનો પણ અભિન્ન ભાગ છે. ''અરજદારો બંને પુખ્ત વયના છે અને પરસ્પર લગ્ન કરવાનો તેમને સંપૂર્ણ અધિકાર છે. સંમતિ ધરાવતા પુખ્ત તરીકે તેમણે સ્વેચ્છાએ લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ સાથે જીવન જીવવાનો નિર્ણય લીધો છે. તેથી હવે કોઈપણ વ્યક્તિ, વિશેષ કરીને સમાજ કે સરકાર અથવા તેમના માતા-પિતા, સંબંધીઓ કે મિત્રો, અરજદારોના આ નિર્ણયમાં કોઈપણ રીતે હસ્તક્ષેપ કરી શકે નહીં,'' એમ હાઈકોર્ટે તેના ૨ ફેબ્રુઆરીએ આપેલા આદેશ કહ્યું હતું.''વાસ્તવમાં, લગ્નમાં પ્રવેશ કરવાનો તેમનો નિર્ણય પવિત્ર ગણાવો જોઈએ, કારણ કે અરજદારો સંમતિ ધરાવતા પુખ્ત વયના છે અને તેમને પોતાના જીવનસાથી પસંદ કરવાનો બંધારણીય અધિકાર નિર્વિવાદ રીતે પ્રાપ્ત છે,'' એમ કોર્ટએ ઉમેર્યું. દંપતીએ જુલાઈ ૨૦૨૫માં આર્ય સમાજ મંદિર ખાતે હિંદુ રીતિ-રીવાજો અનુસાર લગ્ન કર્યા હતા અને ત્યારબાદ સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. દંપતીનો આક્ષેપ હતો કે સ્ત્રીના પિતાનો આ લગ્ન સામે સખત વિરોધ હતો અને તેમને ધમકીઓ આપી રહ્યા હતા. કોર્ટએ જણાવ્યું કે કોઈપણ વ્યક્તિ, ખાસ કરીને સ્ત્રીના પિતા, અરજદારોના જીવન અને સ્વતંત્રતાને ધમકી આપી શકે નહીં.

## જીંજરી ગામે સસલાંઓનો શિકાર કરવાની ફિરાકમાં રહેલા બે શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના માણાવદર તાલુકાના જીંજરી ગામે વન વિભાગે બાતમીના આધારે સપાટો બોલાવીને સસલાંઓનો શિકાર કરવાની ફિરાકમાં રહેલા બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

માંગરોળ તાલુકાના જીંજરી ગામે શિકાર કરવાના ઈરાદે ફરતા બે શખ્સોને વન વિભાગ એ ઝડપી લીધા છે..વન વિભાગની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે દેવરાજ સોલંકી અને અજય સોલંકી નામના બે શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. આ શખ્સો સસલાં જેવા માસૂમ વન્યપ્રાણીઓનો શિકાર કરવા માટે સંપૂર્ણ તૈયારી સાથે આવ્યા હતા.

જોકે, શિકારની જાળ બિછાવીને પ્રાણીઓને ફસાવે તે પૂર્વે જ વન વિભાગના જવાનોએ તેઓને ઘેરી લઈને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓ પાસેથી શિકાર કરવા માટે ઉપયોગમાં લેવાતી પ્રતિબંધિત જાળ અને અન્ય સાધનો જપ્ત કરવામાં આવ્યા છે. વન વિભાગે આ બંને શખ્સો વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે..બંને આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરવામાં આવી છે જેથી આ નેટવર્ક પાછળ અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તેનીવી વિગતો મેળવવા પૂછપરછ કરવામાં આવી રહી છે..

## સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવીઃ યુવકે યુવતીને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ કુલ ૫ લોકોએ દોઢ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું

### આ મામલે પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી બેની ધરપકડ કરી લીધી છે અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના વરાછા વિસ્તારમાંથી એક ગંભીર અને ચોંકાવનારી સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. ઘટનાની મળતી માહિતી મુજબ, એક પરિણીત યુવકે પીડિત યુવતીને સૌપ્રથમ પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું અને આ સમગ્ર ઘટનાનો વીડિયો રેકોર્ડ કરીને આરોપી આ કાંડ કરતો હતો, આટલું જ નહીં આરોપીના અન્ય ચાર મિત્રોએ પણ આ વીડિયોને આધારે પીડિત યુવતીને બ્લેકમેલ કરી પોતાની હવસ સંતોષી હતી. જેથી પોલીસે હાલ આ મામલે પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી બેની ધરપકડ કરી લીધી છે અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આ સામૂહિક દુષ્કર્મની ઘટના સુરતના વરાછા વિસ્તારમાં બની છે. જેમાં આરોપી અશોક કાઠી દરબાર નામના યુવક, જે પોતે પરિણીત છે, તેણે વર્ષ ૨૦૨૪માં પીડિત યુવતીને પ્રેમજાળમાં ફસાવી શારીરિક સંબંધ બાંધી તેનો વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયોના આધારે તે ૨૦૨૪થી અત્યાર સુધી યુવતીને બ્લેકમેઈલ કરી આરોપી અશોક દરબાર સહિત તેના અન્ય ચાર મિત્રોએ પણ આ યુવતી સાથે દુષ્કર્મ આચરતા હતા. છેલ્લા દોઢથી બે વર્ષના લાંબા સમયગાળામાં સતત ધમકી અને શોષણથી કંટાળીને અંતે પીડિત યુવતીએ હિંમત ભેગી કરી વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે પોલીસ ફરિયાદમાં પીડિત યુવતીએ મુખ્ય આરોપી તરીકે અશોક કાઠી દરબાર સહિત તેના મિત્રો લાલો, ભવદીપ આહિર, રણજીત આહિર અને અર્જુન આહિરના નામનો ઉલ્લેખ કર્યો છે. આ પાંચેય નરાધમોએ સાથે મળીને સતત દોઢથી બે વર્ષ સુધી યુવતીનું જુદા જુદા શારીરિક શોષણ કર્યું હતું.આટલું જ નહીં, આ કેસમાં મુખ્ય આરોપી અશોક દરબારે તો પીડિત યુવતી પાસેથી અંદાજે ૧ તોલાની સોનાની બુટ્ટી લૂંટી ફરાર થયો હોવાનું સામે આવ્યું છે. ત્યારે પોલીસે આ કેસમાં દુષ્કર્મ, બ્લેકમેઈલ અને લૂંટ જેવા ગંભીર ગુનાઓ નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે. ત્યારે આ ઘટના પ્રકાશમાં આવતા સુરત શહેરમાં ફરી એકવાર કાયદો-વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.

આ મામલે ડીસીપી આલોક કુમારે જણાવ્યું કે, આ કેસમાં પાંચ આરોપીઓમાંથી હાલ બે આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. રણજીત આહિર અને અર્જુન આહિરને પોલીસે દબોચી લીધા છે, સાથે આ કેસમાં ફરાર અન્ય ત્રણ આરોપીઓને પકડવા પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે આ ઘટનાએ સુરતમાં મહિલાઓની સુરક્ષા અંગે ફરી એકવાર ચિંતા જગાવી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### પોલીસકર્મીઓએ વેશ પલટો કરી મધ્ય પ્રદેશથી ઝડપી પાડ્યો છે

# કામ આપવાની લાલચે ચાકુની અણીએ મહિલાનું દુષ્કર્મ

## આ ગુપ્ત ઓપરેશન સમયે કોઈ પોલીસકર્મી ચાવાળા બન્યા, તો કોઈએ કરિયાણાવાળા અને કોઈ રીક્ષા ચાલક બન્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત

સુરત શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં એક મહિલાને નોકરી અપાવવાની લાલચ આપી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. આ ઘટનામાં ઈચ્છાપોર પોલીસે ઝડપી કાર્યવાહી કરી ગણતરીના દિવસોમાં આરોપીને ફિલ્મી ઢબે વેશ પલટો કરી છેક મધ્ય પ્રદેશથી પકડી પાડ્યો છે. આ ગુપ્ત ઓપરેશન સમયે કોઈ પોલીસકર્મી ચાવાળા બન્યા, તો કોઈએ કરિયાણાવાળા અને કોઈ રીક્ષા ચાલક બન્યા હતા, ત્યારે તેમની મહેનત રંગ લાગતા આ મુદ્દે હાલ સમગ્ર વિસ્તારમાં તેમના ગુણગાન ગવાઈ રહ્યા છે.

વિગતે વાત કરીએ તો, અવિનેશકુમાર ઉર્ફે બીપીન કોદુલાલ ચૌરસીયા નામના શખ્સ સુરતમાં મહિલાને જેમ્સ એન્ડ જ્વેલરી પાર્ક તથા હીરા બુર્સમાં કામ અપાવવાના બહાને એકાંત સ્થળે લઈ ગયો હતો. ત્યારબાદ એકાંતનો લાભ લઈ મહિલાની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ છે. ઘટનાના સમયે આરોપીએ મહિલાને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બાદમાં આ સમગ્ર મામલે ફરિયાદ લઈ પીડિતા પોલીસ સ્ટેશને પહોંચી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ ઈચ્છાપોર પોલીસે તરત જ તપાસ શરૂ કરી હતી. ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા તેમજ આરોપીની કોલ ડિટેલ રેકોર્ડ (CDR) મેળવવામાં આવી હતી. ત્યારે તપાસ દરમિયાન ખુલાસો થયો કે આરોપી પોતાના વતન સેમરીયા (મધ્ય પ્રદેશ) તરફ ફરાર થયો હતો અને પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. બાદમાં પોલીસે વેશ પલટો કરી બે દિવસ સુધી રેકી કરી તેને દબોચી લીધો છે.

આરોપીને પકડવા માટે ઈચ્છાપોર પોલીસે અનોખી અને ફિલ્મી રણનીતિ અપનાવી હતી. આરોપીને કોઈ શંકા ન જાય તે માટે પોલીસકર્મીઓએ વેશ બદલીને વિસ્તારની સતત બે દિવસ સુધી રેકી કરી હતી. પોલીસકર્મી નરેન્દ્રસિંહ સ્થાનિક ઓટો રીક્ષા ચાલક બન્યા હતા અને અન્ય એક પોલીસકર્મી ચેતનસિંહ ચાની કીટલી પર કામ કરતા હતા, જ્યારે બહાદુરભાઈ સ્થાનિક કિરાણા દુકાનમાં કામે લાગી ગયા હતા અને આ રીતે ગુપ્ત નજર રાખી અંતે આરોપીને પકડી પાડવામાં પોલીસને સફળતા મેળવી હતી.

પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા ૧ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી વધુ પૂછપરછ કરી ઘટના સંબંધિત તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે. જે મામલે ઈચ્છાપોર પોલીસે વધુમાં જણાવ્યું છે કે, મહિલાઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે.

આમ પોલીસે કડક સંદેશો આ કામ, નોકરી કે અન્ય કોઈ લાલચ આપી ગુનો કરનાર સામે કાયદાની કડક કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે હાલ આ ઘટના ફરી એકવાર સમાજમાં મહિલાઓની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે, પરંતુ સાથે સાથે ઈચ્છાપોર પોલીસની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે ન્યાયની આશા મજબૂત બની છે.

### સુપ્રીમ કોર્ટે એબોર્શનની આપી મંજૂરી

# મહિલાને ઈચ્છા વિરુદ્ધ માતા બનવા કોર્ટ મજબૂર ના કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એક સગીરાને ૩૦ સપ્તાહનો ગર્ભ હતો જેના ગર્ભપાતને સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધી હતી, આ સાથે જ એવી સ્પષ્ટતા પણ કરી હતી કે જો કોઈ યુવતી ગર્ભાવસ્થાને આગળ વધારવા ના માગતી હોય તો પછી કોર્ટ તેને ગર્ભાવસ્થા આગળ વધારવા માટે મજબૂર ના કરી શકે. અગાઉ આ મામલામાં બોમ્બે હાઈકોર્ટે સગીરાને ગર્ભપાત કરાવવા મંજૂરી આપવાની ના પાડી દીધી હતી.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી વી નાગરત્ના, ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાનની બેંચે સગીરા દ્વારા ગર્ભપાતની મંજૂરી માટે કરાયેલી અરજીની સુનાવણી કરી હતી. સગીરા એક પાડોશી યુવક સાથે શારીરિક સંબંધમાં જોડાઈ હતી જેને કારણે તે ગર્ભવતી બની ગઈ હતી. આ પહેલા સગીરાએ બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરી હતી જોકે હાઈકોર્ટે તેની અપીલ ફગાવી દીધી હતી. સાથે એવો આદેશ આપ્યો હતો કે ૩૦ સપ્તાહનો ગર્ભ હોવાથી ગર્ભપાત ના કરાવી શકાય, બાળકને જન્મ આપવો પડશે, બાદમાં અરજદાર સગીરા ઈચ્છે તો બાળકને કોઈને દત્તક આપી શકે છે.

બાદમાં હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારાયો હતો, સુપ્રીમ કોર્ટે એવી સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ યુવતી ગર્ભાવસ્થા પૂર્ણ કરવા માગતી ના હોય તો તેવી સ્થિતિમાં તેના પર કોર્ટ દબાણ ના કરી શકે. ગર્ભાવસ્થા આગળ શરૂ રાખવી યુવતી માટે માનસિક અને શારીરિક બન્ને રીતે દર્દનાક રહેશે. બાદમાં સુપ્રીમની બેંચે મુંબઈની જેજે હોસ્પિટલને આદેશ આપ્યો હતો કે તે મેડિકલ ગર્ભપાત માટે પુરતી વ્યવસ્થા કરે અને સગીરાને કોઈ જોખમ ના રહે તેની પણ તકેદારી રાખવામાં આવે.

### જયરાજ ૧૪માં દિવસે જેલમુક્ત થશે

# બગદાણા વિવાદમાં જયરાજ આહિરને મહુવાની અદાલતે જામીન આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બગદાણા

લગભગ એક મહિના સૌથી ગુજરાત, ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજકારણમાં ચર્ચાસ્પદ બનેલાં બગદાણા વિવાદમાં આખરે આરોપી જયરાજ આહિરને મહુવાની અદાલતે જામીન આપી દીધાં છે. અગાઉ અન્ય આરોપીઓને પણ જામીન મળી ચૂક્યા હતા. આ વિવાદને બહુ સિફતપૂર્વક સંભાળીને ભાજપની નેતાગીરી તેમજ સરકારે ભાજપનું ઘી ભાજપની જ ખીચડીમાં ઢોળીને આંતરિક વિવાદ વકરતો ટાળ્યો છે.

બગદાણાના નવનીત બાલધિયાને માર મારવાના પ્રકરણમાં કોળી અને આહિર સમાજ સામસામે આવી જાય એવી સ્થિતિ સર્જાઈ હતી. ફરિયાદી નવનીતે ડાયરા કલાકાર અને ભાજપના સમર્થક માયાભાઈ આહિરના દીકરા જયરાજ આહિરનું નામ આપવા છતાં આરંભિક તબક્કે તેની સામે કોઈ પગલાં લેવાયા ન હતા. આથી ધારાસભ્ય હીરાલાલ સોલંકીના પહેલ પછી કોળી સમાજના દિગ્ગજ નેતા અને મંત્રી પરશોતમ સોલંકી સહિત સૌરાષ્ટ્રના કોળી નેતાઓ મેદાનમાં ઉતર્યા હતા. નવનીત બાલધિયાને ન્યાય અપાવવા માટે સુરતથી ગાડીઓનો કાફલો પણ બગદાણા પહોંચ્યો હતો. જયરાજ આહિરની ધરપકડ થાય અને જાહેરમાં તેને ફેરવવામાં આવે એ માંગણીઓ બુલંદ બની હતી.

કોળી સમાજે દાખવેલી એકતાથી સરકાર પર દબાણ વધ્યું અને સીટની રચના કરવી પડી. પરંતુ સોશિયલ મીડિયા પર થતી બયાનબાજી એવી વકરી હતી એક તબક્કે વર્ગવિગ્રહ સર્જાય એવી સ્થિતિ ઊભી થઈ હતી. બંને સમુદાય ભાજપના સમર્થક હોવાથી ભાજપ માટે કફોડી સ્થિતિ સર્જાય તેમ હતી. સામા પક્ષે આહિર અગ્રણીઓએ દેખીતી રીતે વિવાદમાં પડવાનું ટાળ્યું હતું પરંતુ અંદરખાને એમાં સંયમિત હલચલ તો રહી જ હતી.

સીટની તપાસ પછી જયરાજ આહિરની ધરપકડ કરવામાં આવી એ સાથે હીરાલાલ સોલંકી સહિતના કોળી અગ્રણીઓએ મૌન ધારણ કરી લીધું અને નવનીતને ન્યાય મળ્યો હોવાનો પ્રચાર બુલંદ બનવા લાગ્યો. જયરાજ આહિરની ધરપકડથી જ સંતોષ માનીને તેનો વરઘોડો કાઢવાની માંગણી સિફતપૂર્વક ભૂલવાડી દેવાઈ. હવે જયરાજ આહિરને જામીન મળી ચૂક્યા છે. વરઘોડો ન કાઢીને તેમને વધુ અપમાનિત પણ થવા દેવાયા નથી. આથી બંને સમાજ રાજી રહી ગયા છે. સરવાળે ભાજપને થનાર નુકશાન બહુ જ સૂઝબૂઝપૂર્વક ટાળી દેવાયું છે.

આ સમગ્ર વિવાદમાં પ્રારંભથી જ સક્રિય રહીને એક તબક્કે નાલેશી વ્હોરનાર કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી છેવટે આ સુખદ્ સમાપનના યશના અધિકારી બની શકે છે. તેમણે હીરાલાલ સાથે સંપર્ક જાળવીને કોળી સમાજની નારાજગીને વકરતી અટકાવી અને નેતાઓને જાહેરમાં ઉગ્ર નિવેદનો આપતાં રોક્યા. સમાંતરે જયરાજ આહિરની ધરપકડ થઈ પરંતુ તેમનો વરઘોડો કાઢવાનું ટાળી દેવાયું. એમ બંને પક્ષે તીવ્ર ઉગ્રતા છતાં છેવટે બધું સારું થઈ રહ્યું છે. હવે અદાલતમાં કેસ ચાલતો રહે એ દરમિયાન બંને પક્ષે સમાધાન પણ થઈ જાય એવી શક્યતા ઉજળી છે ત્યારે પોતાના મતવિસ્તારને જોખમમાં મૂકીને પણ મુશ્કેલ વિવાદને સફળતાપૂર્વક હલ કરવા માટે જીતુ વાઘાણીનું કદ વધશે એ નિશ્ચિત છે.

# સચિનની જયરાજ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત

દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ નગરી ગણાતા સુરતના સચિન વિસ્તારમાં આજે એક મોટી આગની દુર્ઘટના સર્જાઈ છે. સચિન વિસ્તારમાં આવેલી જયરાજ ઈન્ડસ્ટ્રીઝના એક ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જયરાજ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનના ચોથા માળે સૌપ્રથમ આગ લાગી હતી.આ માળ પર કાપડ ઉદ્યોગમાં વપરાતા યાર્ન (દોરા) નો મોટો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. યાર્ન જ્વલનશીલ હોવાને કારણે જોતજોતામાં આગે આખા માળને લપેટમાં લઈ લીધો હતો અને વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

### બળજબરીથી પગે લગાડી માર માર્યો

# મહેસાણામાં દલિત વિદ્યાર્થી પર અત્યાચાર, પટ્ટા-ધોકા વડે માર્યો

## હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

ઉત્તર ગુજરાતના શૈક્ષણિક હબ ગણાતા મહેસાણામાં એક માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. શહેરની BBA/BCA કોલેજની હોસ્ટેલમાં રહેતા અનુસૂચિત જાતિના એક વિદ્યાર્થી પર જૂની અદાવત રાખી ચાર શખસોએ હિચકારો હુમલો કર્યો છે. પીડિત વિદ્યાર્થીને જાતિસૂચક અપશબ્દો બોલી લાકડાના ધોકા અને બેલ્ટ વડે માર મારવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મૂળ પોરબંદરનો વતની અને મહેસાણામાં અભ્યાસ કરતા પીડિત વિદ્યાર્થી અને તેની સાથે હોસ્ટેલમાં રહેતા મિતેષ પુરોહિત વચ્ચે ગત ૩ ફેબ્રુઆરીના રોજ સામાન્ય મજાક-મસ્તીમાં બોલાચાલી થઈ હતી. મિતેષે ગાળો આપતા વિદ્યાર્થીએ તેનો વિરોધ કર્યો હતો, જેનાથી ઉશ્કેરાઈને મિતેષે તેને જોઈ લેવાની ધમકી આપી હતી.

૪ ફેબ્રુઆરીની સવારે જ્યારે વિદ્યાર્થી કોલેજ જવા નીકળ્યો ત્યારે હોસ્ટેલ પાસે આવેલા હનુમાન મંદિર નજીક મિતેષ પુરોહિત અને તેના ત્રણ મિત્રોએ તેને આંતર્યો હતો. આરોપીઓએ દાદાગીરી કરી વિદ્યાર્થીને બળજબરીથી પગે પડી માફી માંગવા દબાણ કર્યું હતું. જ્યારે વિદ્યાર્થીએ અન્યાય સામે નમવાની ના પાડી, ત્યારે આરોપીઓએ તેને જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહી ધોકા અને કમરના પટ્ટા (બેલ્ટ) વડે બેરહેમ માર મારવાનું શરૂ કર્યું હતું.હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આખરે પીડિત વિદ્યાર્થીએ હિંમત એકઠી કરી પોતાની માતા સાથે મહેસાણા એ-ડિવિઝન પોલીસ મથકે પહોંચી આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે એટ્રોસિટી એક્ટ સહિત મારામારી અને ધમકીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

આ ઘટનાની ગંભીરતા જોતા કોલેજ પ્રશાસન પણ એક્શનમાં આવ્યું છે. વાઈસ પ્રિન્સિપાલ વી.કે. પટેલે જણાવ્યું હતું કે, કોલેજ કમિટી દ્વારા મુખ્ય આરોપી વિદ્યાર્થીને તાત્કાલિક અસરથી હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે અને આગામી સમયમાં તેના પર વધુ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### પ્રસંગમાં જતા બે યુવકોના મોત

# થરાદ-સાંચોર હાઈવે પર બાઈક અને કાર વચ્ચે ભયંકર ટક્કર

## એક બેફામ ગતિએ આવતી કારે બાઈકને પાછળથી એવી જોરદાર ટક્કર મારી કે ક્ષણભરમાં બે જીંદગીઓ હોમાઈ ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો થંભવાનું નામ નથી લઈ રહ્યો. આજે (૭ ફેબ્રુઆરી, ૨૦૨૬) સાંચોર-થરાદ હાઈવે પરના સર્વિસ રોડ પર વધુ એક લોહીયાળ અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતી કારે બાઈકને પાછળથી એવી જોરદાર ટક્કર મારી કે ક્ષણભરમાં બે જીંદગીઓ હોમાઈ ગઈ હતી.

ઘટનાની કરુણતા એ છે કે, પીલૂડા ગામના ત્રણ યુવાનો એક જ બાઈક પર સવાર થઈને માતાજીના એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા. યુવાનોના મનમાં શ્રદ્ધા અને ઉત્સાહ હતો, પરંતુ કોને ખબર હતી કે રસ્તામાં 'કાળ' તેમની રાહ જોઈને બેઠો છે. સાંચોર-થરાદ હાઈવેના સર્વિસ રોડ પર પાછળથી આવતી પૂરપાટ ઝડપે આવતી એક કારે બાઈકને અડફેટે લીધું હતું. ટક્કર એટલી ભયાનક હતી કે ત્રણેય યુવાનો હવામાં ફંગોળાઈને દૂર રોડ પર પટકાયા હતા.

આ ગમખ્વાર અકસ્માતમાં નાગજીભાઈ સામાજી વજીર અને ભાણજીભાઈ કેશરાભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પટેલ દિનેશભાઈ નાગજીભાઈ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

ઘટનાને પગલે માતા-પિતાનો આધાર છીનવાયો હતો. મૃતક ભાણજીભાઈ તેમના વૃદ્ધ માતા-પિતાનો એકનો એક દીકરો હતો. જે દીકરાના સહારે માતા-પિતા ઘડપણ કાઢવાની આશા સેવી હતી, તે દીકરાની લાશ જોવાનો વારો આવતા પરિવાર પર આભ ફાટ્યું હતું. જ્યારે નાગજીભાઈના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. નાગજીભાઈના નિધનથી તેમના બે પુત્ર અને એક પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. ઘરના મોભીના જવાથી આ પરિવાર હવે નોંધારો બન્યો છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા દિનેશભાઈ નાગજીભાઈ પટેલને તાત્કાલિક થરાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.અકસ્માત બાદ હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. થરાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે પીલૂડા ગામ અને સમગ્ર આંજણા પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. જે ઘરે માતાજીના પ્રસંગના ગીતો ગવાવાના હતા, ત્યાં આજે મરશિયા અને આક્રંદ સંભળાઈ રહ્યો છે.

### જામનગરમાં ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ

# પંજાબના ચાર શખસોને ૮૩ લાખના હેરોઈન સાથે ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઈન જામનગર' અભિયાન હેઠળ પોલીસને મોટી સફળતા મળી છે. જામનગરની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) શાખાએ મોટી ખાવડી વિસ્તારમાં ચાલતા નશીલા પદાર્થોના મોટા નેટવર્કને તોડી પાડી, પંજાબથી હેરોઈનનો જથ્થો સપ્લાય કરવા આવેલા ચાર શખસોની ધરપકડ કરી છે. એસ.ઓ.જી.ની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોટી ખાવડી ગામે આવેલી હોટલ ૬૬૬માં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન હોટલમાં ઉતરેલા ચાર પંજાબી શખ્સો પાસેથી નશાકારક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલ મુદ્દામાલ ૪૧૮ ગ્રામ હેરોઈન, જેની બજાર કિંમત આશરે ૮૩,૬૦,૦૦૦ રૂપિયા છે.પોલીસે વિશાલસિંગ, હરપ્રીતસિંગ, બિક્રમજીતસિંગ અને જગદિપસિંગની ધરપકડ છે. આ ઉપરાંત મેઘપર (પડાણા) પોલીસ મથકમાં NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરી પૂછપરછ હાથ ધરી છે.

આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ હેરોઈનનો જથ્થો અમૃતસરના રહેવાસી ફિલિપ્સ ઉર્ફે ફૌજી નામના શખસે સપ્લાય કર્યો હોવાનું ખૂલ્યું છે. પોલીસ દ્વારા ફિલિપ્સ ઉર્ફે ફૌજીને ફરાર જાહેર કરી, પંજાબના મુખ્ય સપ્લાયર સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

# સચિવાલયમાં ગાડીમાંથી ઉતરી યુવતીના સીન સપાટા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

સોશિયલ મીડિયામાં ગાંધીનગર સચિવાયલનો એક વીડિયો વાયરલ થતાં વિવાદ થયો હતો. સચિવાલયમાં પોલીસની ગાડીમાં એક યુવતીની રીલ વાયરલ થઈ હતી. ગાંધીનગરમાં સચિવાલયની અંદર પોલીસની ગાડીમાં રીલ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવી હતી. આ ઘટના બાદ ગાંધીનગરના SP દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.

પોલીસ તપાસ બાદ હોમગાર્ડ દશરથ રાવળને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. જે ગાડીમાં રીલ બનાવી વાયરલ કરવામાં આવી હતી તે કાર જૂના સચિવાલયના હોમગાર્ડ ડિપાર્ટમેન્ટની હોવાનું સામે આવ્યું હતું. જિલ્લા કમાડેન્ટની જાણ બહાર ગાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ગાડીના ચાલક અને રીલ્સ બનાવનાર યુવતી પારિવારિક સગા હોવાનું સામે આવ્યું છે. ૩ ફેબ્રુઆરીએ આ ગાડીનો ઉપયોગ થયો હતો. જૂના સચિવાલયથી યુવતીને નવા સચિવાલય મુકવા જવામાં આવી હતી. ત્યારે આ ગાડીમાં યુવતીએ રીલ્સ બનાવી હતી. આ યુવતી સોશિયલ મીડિયા ઈન્ફ્યુલેન્સર હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગરના સચિવાલય સંકુલમાં પોલીસની ગાડીમાં ઈન્ફ્યુલેન્સર યુવતીનો વીડિયો વાયરલ થયો હતો. વિડેયોમાં દેખાતી યુવતીનું નામ બિંદિયા સોમપુરા હોવાનું સામે આવ્યું છે. આ યુવતીએ સચિવાલય પહોંચી મંત્રીઓ સાથે ફોટાઓ પણ પડાવ્યા હતા. પોલીસની ગાડીમાં સચિવાલયની અંદર આ પ્રકારના વીડિયો બાદ સુરક્ષા સામે પણ સવાલ ઉઠ્યા હતા.

### ફરાહ અને શાહરુખ ૧૨ વર્ષ પછી ફરી એક વાર સાથે આવશે

# શાહરુખ ફરાહ ખાનની 'મે હું ના ર'માં ડબલ રોલ કરશે

## આ પહેલાં શાહરૂખે ૨૦૦૭માં 'ઓમ શાંતિ ઓમ' અને ૨૦૧૪માં 'હેપ્પી ન્યુ યર'માં ફરાહખાન સાથે કામ કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

હાલ તો શાહરુખ ખાનની 'કિંગ'ની ચર્ચાઓ અને તેની રીલિઝની રાહ જોવાઈ રહી છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે શાહરુખ આ ફિલ્મની રિલીઝ પછી ફરાહ ખાન સાથે ફરી એક વખત કામ કરવા જઈ રહ્યો છે. એવા અહેવાલ છે કે શાહરુખ અને ફરાહ ખાન હવે 'મેં હું ના ૨' પર કામ શરૂ કરી રહ્યાં છે.આ ફિલ્મ માટે શાહરુખ અને ફરાહ ૧૨ વર્ષે એકબીજા સાથે કામ કરશે, આ પહેલાં તેમણે ૨૦૦૭માં 'ઓમ શાંતિ ઓમ' અને ૨૦૧૪માં 'હેપ્પી ન્યુ યર'માં છેલ્લે સાથે કામ કર્યું હતું. આ બંને ફિલ્મ બોક્સ ઓફિસ પર ઘણી સફળ રહી હતી. હવે નવી ફિલ્મ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફરાહ ખાન આ વખતે ડબલ રોલ કોન્સેપ્ટ સાથે કામ કરશે. સુત્રએ જણાવ્યું, "ફરાહ ખાનને શાહરુખ ખાન માટે એક સારો ડબલ રોલ વિષય મળી ગયો છે, જેને લઈને શાહરુખ પણ ઉત્સાહમાં છે. જેનાથી આ સિક્વલ વધુ ઈમોશનલ અને વધુ મજાની બનશે, આ સિક્વલમાં શાહરુખ બે બિલકુલ વિરોધાભાસી રોલમાં જોવા મળશે."એટલું જ નહીં, આ સિક્વલમાં પહેલાં જેટલી જ ઈમોશનલ સ્ટોરી હશે, જોકે, ફિલ્મનો સ્કેલ પહેલાં કરતાં ઘણો મોટો હશે. આ વખતે પણ કોમેડી અને દેશભક્તિના મિશ્રણ સાથે દેશ સામે વધુ મોટો ખતરો ઉભો થશે, આ જ રીતની ફિલ્મ ૨૦૦૪માં 'મેં હું ના' પણ હતી. આટલું જ નહીં, આ ફિલ્મમાં પહેલી ફિલ્મની કાસ્ટ પણ ફરી એક વાર જોવા મળશે.આ ફિલ્મનો સ્ક્રીનપ્લે આકાશ કૌશિક દ્વારા લખવામાં આવી રહ્યો છે, જેના કેન્દ્રમાં શાહરુખ ખાન હશે. જુની કાસ્ટને ફરી સાથે લાવવા ઉપરાંત આ ફિલ્મ માટે ટીમ નવા ચહેરાઓને લાવવા પણ વિચારી રહી છે. જેથી ફિલ્મની જની યાદો તાજી પણ થાય અને તેની અપીલને વધારી પણ શકાય.જોકે, આ ફિલ્મ ક્યારે શરૂ થશે અને હાલ કયા તબક્કે છે તે અંગે કોઈ માહિતી જાહેર થઈ નથી. એવા અહેવાલ છે કે પહેલા શાહરુખ ખાન કિંગનું શૂટિંગ પૂરું કરશે પછી તે ફરાહની આખી વાર્તા સાંભળશે. કિંગનું શૂટ મે ૨૦૨૬ સુધીમાં પુરૂં થશે. વાર્તા સાંભળ્યા પછી શાહરુખ નક્કી કરશે કે , મેં હું ના ૨ કરવી કે નહીં. હિન્દી સિનેમાના ફેન્સના મનમાં આ ફિલ્મનું યાદગાર સ્થાન છે. તેથી મેકર્સ સિક્વલ બનાવવા અંગે ઘણા ગંભીર છે. મૂળ ફિલ્મમાં એક્શન, ડ્રામા અને હળવી ક્ષણોનું મિશ્રણ હતું, તેથી સિક્વલ સામે ઘણી વધુ અપેક્ષા હોય તે સ્વાભાવિક છે. હાલના અહેવાલો મુજબ તો ફિલ્મની પ્રક્રિયા બિલકુલ પ્રાથમિક તબક્કામાં જ છે, સક્રિયપણે પ્રોડક્શનનું કામ શરૂ થયું નથી. પરંતુ શાહરુખ અને ફરાહ ફરી સાથે કામ કરવાના મૂડમાં છે અને તેઓ આ ફિલ્મ પર કામ કરવા માગે છે, તેવા મજબુત સંકેત જરૂર મળી રહ્યા છે.

### એસીમાં શોર્ટ સર્કિટથી લાગ લાગ્યાનું અનુમાન

# બાપોદના રતનકુંજ ફ્લેટમાં એસીના શોર્ટ સર્કિટથી આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં આવેલી એક રહેણાંક સોસાયટીમાં આગની ઘટના બનતા દોડધામ મચી ગઈ હતી. બાપોદના રતનકુંજ ફ્લેટમાં અચાનક આગ લાગતા સમગ્ર એપાર્ટમેન્ટમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. રહેણાંક વિસ્તારમાં લાગેલી આ આગને કારણે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રતનકુંજ એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલા એક બંધ ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની તીવ્રતા એટલી વધારે હતી કે જોતજોતામાં તે ફ્લેટના અન્ય ભાગોમાં પણ પ્રસરી ગઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ, ફ્લેટમાં લાગેલા એસી (AC) માં શોર્ટ સર્કિટ થવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો અને તેને વધુ ફેલાતી અટકાવી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ફ્લેટમાં રહેલી ઘરવખરી અને કિંમતી સામાનને મોટું નુકસાન પહોંચ્યું છે. ઉનાળાની શરૂઆત પહેલા જ એસીમાં શોર્ટ સર્કિટના બનાવો વધતા ફાયર વિભાગે નાગરિકોને ઈલેક્ટ્રિક ઉપકરણોનું નિયમિત મેન્ટેનન્સ કરાવવા અપીલ કરી છે.

# નિઝામપુરા બસ ડેપો પાસે એસટી બસ ભૂવામાં ફસાઈ: મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

'સંસ્કારી નગરી' વડોદરામાં રસ્તાઓ પર પડતા ભૂવાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલા એસટી બસ ડેપોની બહાર જ રસ્તા પર પડેલા એક વિશાળ ભૂવામાં મુસાફરોથી ભરેલી એસટી બસ ફસાઈ જવાની ઘટના બની છે. તંત્રની બેદરકારીના કારણે નિર્દોષ મુસાફરોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. એસટી બસ મુસાફરોને લઈને નિઝામપુરા બસ ડેપો તરફ જઈ રહી હતી.

જેવી બસ ડેપોની બહારના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ, કે તરત જ રોડમાં પડેલા ભૂવામાં બસના પાછળના ટાયર ઊંડે સુધી ઘૂસી ગયા હતા. બસ અચાનક નમી પડતા અંદર બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બસ ફસાઈ જવાને કારણે માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને અંદાજે અડધો કલાક સુધી બસ તે જ હાલતમાં ફસાયેલી રહી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી, પરંતુ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

વડોદરામાં અવારનવાર ભારે વાહનો રસ્તામાં ખૂંપી જવાની ઘટનાઓ બની રહી છે. સ્માર્ટ સિટીની વાતો વચ્ચે ઠેર-ઠેર પડતા ભૂવાઓ અને ખરાબ રસ્તાઓને કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા માત્ર થીગડા મારવાની કામગીરી કરવામાં આવે છે, જેના કારણે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાય છે.

રાજકોટ જિલ્લામાં પતિદેવોના વહિવટને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ કરી લાલ આંખ :

# પંચાયતમાં પતિદેવો વહિવટ કરતા પકડાશે તો તલાટી વિરૂધ્ધ થશે કાર્યવાહીઃ અન્ય કોઈની સહી હશે તો પણ થશે કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલી મહિલાઓની જગ્યાએ પતિદેવો દ્વારા વહિવટ ચલાવવામાં આવતો હોવાની ફરીયાદો મળતા જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયતોના સત્તાધીશો વિરૂધ્ધ લાલ આંખ કરી છે. આ બાબતે ૪ મુદ્દાઓ સાથે તમામ ગ્રામ પંચાયતોને પરીપત્ર મોકલવામાં આવ્યો છે.




જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પરીપત્રમાં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે ચુંટાયેલ મહિલા પ્રતિનિધિના બદલે પતિદેવ વહિવટ કરતા પકડાશે તો તલાટી કમ મંત્રી વિરૂધ્ધ કાર્યવાહી થશે. અન્ય સુચનામાં જણાવાયુ છે કે પંચાયતની સભા બેઠકમાં પતિદેવોની હાજરી હવે નહી ચાલે, માત્ર ચુંટાયેલી મહિલા હાજર હોવી જોઈએ.


ઉપરાંત પંચાયતના સરકારી રેકર્ડ કે ચેકબુકમાં ચુંટાયેલ પ્રતિનિધિની સહી હોવી ફરજીયાત રાખવામાં આવી છે, ચુંટાયેલ પ્રતિનિધિના બદલે અન્ય કોઈની સહી હશે તો તલાટી કમ મંત્રી વિરૂધ્ધ કાર્યવાહી કરાશે તેવી સ્પષ્ટ ચીમકી આપી છે. રાજકોટ જિલ્લા પંચાયતના અનેક ગામડાઓમાં થી ફરીયાદો મળી છે કે મોટા ભાગની ગ્રામ પંચાયતોમાં પતિદેવો દ્વારા વહિવટ કરવામાં આવી રહ્યો છે. આ પગલાનો હેતુ ચુંટણી દ્વારા નિમણુંક થયેલી મહિલાઓના અધિકારોના રક્ષણ અને સ્થાનિક સ્વરાજયની પ્રક્રિયાને મજબુત બનાવવાનો છે.

# રાજકોટના કેવડાવાડી માં વ્યાજચક્રમાં ફસાયેલ અમિત તન્નાએ મેલડી માતાજીના મંદિરે ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યોઃ હૃદયદ્રાવક વિડીયો વાયરલ

## જયદીપ બોરીચાને આ નો જવાબદાર ગણાવી સ્યુસાઈટ નોટ લખી : વિડીયોમાં કહ્યુ કોર્ટ તને જામીન આપી દેશે પણ માતાજીની કોર્ટમાં તને જામીન નહી મળે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના કેવડાવાડીમાં વ્યાજચક્રમાં ફસાયેલ અમિત તન્નાએ મેલડી માતાજીના મંદિરે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. આપઘાત કરતા પહેલા હૃદયદ્રાવક વિડીયો વાયરલ કર્યો હતો. માતાજી મને ભુત બનાવજો, જયલા પાસે હું મારા ૭ વરસનો હિસાબ લેવા આવીશ, માણસ મરી જાય પછી જ સાચો લાગે તેમ કહ્યુ હતુ, જયદીપ બોરીચાને આનો જવાબદાર ગણાવી સ્યુસાઈટ નોટ પણ લખી છે, વિડીયોમાં ક્હયુ છે કે કોર્ટ તને જામીન આપી દેશે પણ માતાજીની કોર્ટમાં તને જામીન નહી મળે, વિડીયોમાં કહ્યુ હતુ કે જય માતાજી હું આવ્યો છુ, અહી ફાટકવાળી મેલડી માતાજીના મંદિરે કોર્ટે ગયો હતો, જો કે ત્યાં આપણે હારી ગયા છીએ, ખબર જ છે, આ વિડીયો બનાવવાનુ કારણ એક જ છે. આને (માતાજી) ને સાક્ષી રાખી કહુ તો મેં આટલા રૂપીયા કોઈ પાસેથી લીધા નથી, પણ આને (માતાજી) ને મારી પ્રાર્થના છે કે મને ભુત બનાવજો, હું જયલા પાસે મારો ૭ વરસનો હિસાબ લેવા આવીશ અને હકીકત છે કે માણસ મરી જાય ત્યારે જ સામેવાળા માને કે આ સાચો છે, બાકી કોઈ નથી માનતુ, એણે મારા ખોટા ચેક નાખ્યા છે, હજુ કહે છે કે તારા ૮ ચેક પડયા છે, એક કહે છે કે તુ આજે દવા પી જા તો જજ મને જામીન આપી દે, તો ભાઈ મે દવા પી લીધી છે, તને કોર્ટ જામીન આપી દેશે પણ આ (માતાજી) ની કોર્ટ તને જામીન નહી આપે, મારા શબ્દો લખી રાખજે.



મળતી માહિતી અનુસાર અમિતભાઈ અરવિંદભાઈ તન્ના (ઉ.વ.૪૦ રહે.કેવડાવાડી, લીલુડી વોકડી પાસે, રાજકોટ) ગઈ કાલે શુક્રવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ઝેરી દવા પી લેતા રાજકોટ સીવીલના ઈમરજન્સી વોર્ડ માં દાખલ કરાયા હતા. જેનુ સારવાર દરમિયાન આજે શનિવારે મોત નિપજયુ હતુ, અમિતભાઈને સંતાનમાં એક દિકરો છે તેમના પત્નીનુ નામ રૂપાબહેન છે, તેઓ પોતે પણ પોતાના માતા પિતાના એકના એક સંતાન હતા, તેઓ રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. ઝેરી પીતી વખતે તેમણે મેલડી માતાજીના મંદિરે જઈ વિડીયો બનાવ્યો હતો આ ઉપરાંત સ્યુસાઈટ નોટ પણ લખી છે.

સ્યુસાઈટ નોટમાં લખ્યુ છે કે હું જે પગલુ ભરવા જઈ રહ્યો છુ તેનો સંપૂર્ણપણે જવાબદાર વ્યકિત જયદીપ દિનેશ મૈયડ (બોરીચા) (રહે. ૬/૨૧ કેવડાવાડી શ્યામ સ્ટોર ) છે. આ વ્યકિત હસ્તકને રીક્ષા લેવા માટે ૨૦૦૮ માં એમના ઓળખીતા પ્રવિણભાઈ મામા પાસેથી રૂપીયા ૧ લાખ લીધેલા અને ૫૦ હજાર રૂપીયા એમની મંડળીમાંથી લોન લીધેલ હતી. ૧ લાખના દર મહિને જયદીપ ને ૧૧ હજારનો હપ્તો એમ કરી કુલ ૧.૨૦ લાખ આપવાના હતા. મંડળી પેટે દર મહિને રૂપીયા ૨૫૦૦ નો હપ્તો ચુકવવાનો હતો એવુ નકકી થયુ હતું. મે સમયસર ૪ મહિના સુધી હપ્તાઓ ચુકવ્યા હતા, એ અસામા મારા પપ્પાને વર્ષ ૨૦૧૮ ના ૧૦ માં મહિનામાં કેન્સરનુ નિદાન થયુ હતું અને વર્ષ ૨૦૧૯ ના બીજા મહિનામાં મારા પપ્પાનુ નિધન થયેલુ, આ દવાખાને પહોચી વળવા માટે મેં બજારમાંથી પૈસા ઉપાડેલ હતા. એ લોકોને બધાને ચુકવવા માટે મારા થી જયદીપના પૈસા માં વેલા મોડુ થવા લાગ્યુ હતું. ૪૫ હજાર કટકે કટકે ભાઈબંધ દોસ્તારને ચુકવતા ચુકવતા વર્ષ ૨૦૨૦ માં લોકડાઉન થઈ ગયેલ પછી મારી પૈસા ચુકવવાની હાલત હતી નહી, એટલે જયદીપે એના મામાને પૈસા ચુકવી આપેલા છે એવુ મને કહ્યુ હતું. ત્યારબાદ પૈસાની લેવડ દેવડમાં મારે જયદીપ સાથે થોડુ મનદુઃખ થઈ ગયુ હતુ અને પરીસ્થિતિ એવી આવી કે એણે ૧૦ ટકા વ્યાજ લેવાનુ ચાલુ કર્યુ હતું.

વ્યાજ એટલે ૧૨૨૫૦ ફકત વ્યાજ ના મુડી માં નહી અને એ ૧૨૨૫૦ દેવામાં મોડુ થતુ તો ૧૨૨૫ એવુ પણ વ્યાજ મારી પાસેથી લીધેલ અને ખરેખર છેલ્લે હું પહોચી ન શકયો તો મારી લીધેલી રીક્ષા પણ લઈ લીધી હતી. વર્ષ ૨૦૨૦ માં એણે મારો ૨ લાખ ને ૭ હજાર રૂપીયાવાળો ચેક લખીને નાખી દીધો, એના મામાએ ૭૦ હજારનો ચેક લખી નાખ્યો હવે મારે એના પૈસા ચુકવવા જ પડશે. એવી ધાક ધમકીથી હું કંટાળી ગયો છુ, છેલ્લે જયારે લીમડા ચોક ટી પોસ્ટ ઉપર સમાધાન માટે બોલાવેલ ત્યારે એણે મને એવુ કીધેલ કે દવા પી જા એટલે કામ પતે અને તુ દવા પી જાય એટલે આ જજ સાહેબ જ મને જામીન આપી દેશે. પોતે વકીલનુ ભણેલ છે, ભાઈ વકીલ છે , મારે તો ખાલી કાગળ જ છાપવાના છે, ડીસ કેબલનો ધંધો છે અને હું હવે આને પહોચી શકુ એમ છુ નહી, માટે ૭/૨/૨૦૨૬ ની કોર્ટની તારીખ છે, મે એને ૫/૨/૨૦૨૬ ના બપોરના સમયે ફોન કર્યો તો કહે ૩૦ હજારની માંગણી છે. મારી પાસે ૧૫ હજાર જેવી સગવડતા છે, તેણે કહ્યુ એમ નહી ચાલે, પૈસા પુરા જોઈશે,

જયારે ખરેખર મળતો માણસ ખોટુ ન બોલે મે આના અને મામાના પુરેપુરા પૈસા ચુકવી આપેલ છે અને આને મારી પાસે કેટલુ વ્યાજ લીધુ એ તો હવે મને યાદ પણ નથી, એટલે આજે દવા પી ને મારા જીવનના અંત આણવા મને મજબુર કરનાર આ એક જ વ્યકિત જયદીપ છે. અમિતે સ્યુસાઈટ નોટ માં વધુમાં લખ્યુ છે કે કોર્ટ, કાયદા પ્રશાસન અને પોલીસને એક જ સવાલ છે કે શું ચેક આપવાવાળો માણસ હંમેશા ખોટો જ હોય ? અને ઈમાનદારીથી પૈસા જમા ન કરાવ્યા હોય અને ચેક લખીને નાખી દેવાવાળા સાચા હોય ? બને તો આ વિશે વિચારજો અને જો હું મરી જાઉ તો મને ન્યાય અપાવજો, બસ એ જ અને આ આખી વાત મારા બાપા સિતારામને સાક્ષી રાખીને કહુ છું. આમા એક પણ શબ્દ ખોટો નથી લખ્યો. લી. અમિત અરવિંદ તન્ના

# ગુજરાતમાં દારૂબંધીનુ નાટક બંધ થવુ જોઈએ : પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વરસોથી અમલી દારૂબંધીની નીતિને લઈને રાજયના પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ફરી એકવાર વિવાદાસ્પદ અને આકરા પ્રહાર કર્યા છે. તેમણે રાજયમાં પ્રવર્તતી દારૂબંધીને કૃત્રિમ હાઉ અને નાટક ગણાવીને તેને તાત્કાલીક દુર કરવાની માંગ કરી છે.

શંકરસિંહ વાઘેલાએ દાવો કર્યો હતો કે ગુજરાતમાં લદાયેલી આ દારૂબંધીની નીતિને કારણે રાજયના યુવાનો હવે ગુટખા અને અન્ય નશાકારક પદાર્થો તરફ વળી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે દારૂને એક ટોનીક ની જેમ પીવો જોઈએ, તેનાથી છાકટા ન બનવુ જોઈએ, તેમના મતે બહુમતી ગુજરાતીઓ આ ખોટી દારૂબંધીની વિરૂધ્ધમાં છે અને હવે સમય આવી ગયો છે કે આ નીતિને જડમુળથી દુર કરવામાં આવે, દારૂની મહેફીલમાંથી પકડાતા યુવાનો પ્રત્યે સહાનુભુતિ દર્શાવતા પુર્વ મુખ્યમંત્રીએ કહ્યુ કે દારૂ પીતા પકડાયેલા લોકો જાણે કોઈ મોટુ મર્ડર, બાળાત્કાર કે લુંટ કરી હોય તે રીતે રજુ કરવામાં આવે છે, પોલીસે મર્યાદા રાખવી જોઈએ અને યુવાનોના મોઢા મીડીયામાં બતાવી તેમને બદનામ ન કરવા જોઈએ,



વાઘેલાએ આક્રોશ વ્યકત કરતા કહ્યુ કે ગુજરાતમાં ગાંધી અને સરદાર ના નામે હવે હદ થઈ ગઈ છે. તેમણે લોકોને અપીલ કરી કે જે પક્ષ કે નેતા ગુજરાતમાંથી આ દારૂબંધીનુ નાટક દુર કરવાની હિંમત બતાવે તેને જ મત આપવો જોઈએ, તેમણે સ્પષ્ટ કહ્યુ કે કૃત્રિમ કંટ્રોલવાળી આ નીતિથી રાજયને કોઈ ફાયદો થયો નથી. માત્ર ભ્રષ્ટાચાર વધ્યો છે.

# મેચ જોવા જનારા ફેન્સ માટે મેટ્રો હવે મોડી રાત સુધી દોડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારા ટી-૨૦ વર્લ્ડકપના મેચોને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન **(GMRC)** દ્વારા મુસાફરોના હિતમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં યોજાનારી હાઈ-વોલ્ટેજ મેચો દરમિયાન સ્ટેડિયમથી પરત ફરતા હજારો દર્શકોને હાલાકી ન પડે તે માટે મેટ્રોના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. હવે ક્રિકેટ ફેન્સ મોડી રાત સુધી મેટ્રો સેવાનો લાભ લઈ શકશે. ખાસ કરીને મોટેરા સ્ટેડિયમથી **APMC** સુધીના રૂટ પર રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી અને ઓલ્ડ હાઈકોર્ટથી વસ્ત્રાલ ગામ સુધીના રૂટ પર રાત્રે ૧૨:૫૦ વાગ્યા સુધી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવશે. આ ઉપરાંત, ગાંધીનગરથી આવતા દર્શકો માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાત્મા મંદિર રૂટ માટે રાત્રે ૧૧:૪૦ અને છેલ્લી ટ્રેન ૧૨:૧૦ વાગ્યે ઉપડશે, જેથી દૂરના વિસ્તારોમાં રહેતા લોકો પણ સુરક્ષિત રીતે ઘરે પહોંચી શકે. સામાન્ય રીતે મેટ્રો રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યરત હોય છે, પરંતુ વર્લ્ડકપના ઉત્સાહને જોતા મોડી રાત સુધી ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ સુવિધાને કારણે સ્ટેડિયમ આસપાસ ટ્રાફિકનું ભારણ ઘટશે અને લોકોને ખાનગી વાહનો કે ટેકસીના મોંઘા ભાડામાંથી મુક્તિ મળશે.

# સુરતના વરાછા વિસ્તારમાં બની ચકચારી ઘટનાઃ એકે દુષ્કર્મ આચરી વિડીયો ઉતાર્યો અને બાદમાં ચારેય નરાધમોએ દોઢ વરસ સુધી યુવતિને પીંખી

પ્રતિનિધિ,ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રીના શહેર સુરતના વરાછા વિસ્તારમાંથી એક ગંભીર અને ચોંકાવનારી સામુહિક દુષ્કર્મની ઘટના બહાર આવી છે. ઘટનાની માહિતી મળતા જ એક પરીણીત યુવકે પીડીત યુવતિને સૌ પ્રથમ પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યુ હતું અને આ સમગ્ર ઘટનાનો વિડીયો રેકોર્ડ કરીને આરોપી આ કાંડ આચરતો હતો. એટલુ જ નહી આરોપીના અન્ય ચાર મિત્રોને પણ આ વિડીયોના આધારે પીડીત યુવતિને બ્લેકમેલ કરી પોતાની હવસ સંતાષાતી હતી. જેથી પોલીસે આ મામલે પાંચેય આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી બેની ધરપકડ કરી છે. જયારે અન્ય આરોપીઓની શોધખોળ આદરી છે.




પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ સામુહિક દુષ્કર્મની ઘટના સુરતના વરાછા વિસ્તારમાં બની છે. જેમાં આરોપી અશોક કાઠી દરબાર નામનો યુવક જે પોતે પરીણીત છે. તેણે વર્ષ ૨૦૨૪ મા પીડીત યુવતિને પ્રેમ જાળમાં ફસાવી શારીરિક સંબંધ બાંધી તેનો વિડીયો ઉતારી લીધો હતો. આ વિડીયોના આધારે તે ૨૦૨૪ થી અત્યાર સુધી યુવતિને બ્લેક મેઈલ કરી આરોપી અશોક દરબાર સહિત તેના અન્ય ચાર મિત્રોએ પણ આ યુવતિ સાથે દુષ્કર્મ આચરતા હતા. છેલ્લા દોઢ વરસથી બે વરસના લાંબા સમય ગાળામાં સતત ધમકી અને શોષણથી કંટાળીને અંતે પીડીત યુવતિએ હિંમત ઉઠાવી વરાછા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જે પોલીસ ફરીયાદમાં પીડીત યુવતિએ મુખ્ય આરોપી તરીકે અશોક કાઠી દરબાર સહિત તેના મિત્રો લાલો, ભવદીપ આહીર, રણજીત આહીર અને અર્જુન આહીર ના નામનો ઉલ્લેખ કર્યો છે. આ પાંચેય નરાધમોએ સાથે મળીને સતત દોઢ વરસથી બે વરસ સુધી યુવતિનુ જુદા જુદા શારીરિક શોષણ કરતા હતા.

એટલુ જ નહી આ કેસમાં મુખ્ય આરોપી અશોક દરબારે તો પીડીત યુવતિ પાસેથી અંદાજે ૧ તોલાની સોનાની બુટ્ટી લુંટી ફરાર થઈ ગયો હોવાનુ બહાર આવ્યુ છે. ત્યારે પોલીસે આ કેસમાં દુષ્કર્મ, બ્લેકમેઈલ અને લુંટ જેવા ગંભીર ગન્હાઓ નોંધી તપાસ નો દોર શરૂ કર્યો છે ત્યારે આ ઘટના પ્રકાશમાં આવતા સુરત શહેરમાં ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. સુરત શહેર એ નાયબ મુખ્યમંત્રીનુ શહેર કહેવાય છે. ત્યારે નાયબ મુખ્યમંત્રીના શહેર સુરત વાસીઓ હાલમાં ભયભીત જીંદગી ગુજારી રહયા છે. આ મામલે ડીસીપી આલોકકુમારે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ કેસમાં પાંચ આરોપીઓમાંથી હાલ બે આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. રણજીત આહીર અને અર્જુન આહીર ને પોલીસે દબોચી લીધા છે. સાથે આ કેસમાં ફરાર અન્ય ત્રણ આરોપીઓને પકડવા પોલીસ દ્વારા વિવિધ દિશામા તપાસ ચાલી રહી છે અને ટુંક સમયમાં આરોપીઓની ધરપકડ થવાની શકયતા વ્યકત કરવામા આવી રહી છે. ત્યારે આ ઘટનાએ સુરતમાં મહિલાઓની સુરક્ષા અંગે ફરી એકવાર ચિંતા જગાવી છે.

# એસઆઈઆર ની કામગીરી માં હજારોની સંખ્યામાં ખોટી અરજીઓ ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓના નામની અરજીઓ આવેલી છે : નિરંજન વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

એસઆઈઆર ની કામગીરી દરમિયાન ખુબ જ મોટી સંખ્યામાં લોકોના નામ કાપવામાં આવી રહ્યા છે અને ખોટા નામ ઉમેરવામાં આવી રહ્યા છે. એવી ફરીયાદો વારંવાર આવી રહી છે, જે મુદ્દે આમ આદમી પાર્ટી સતત પોતાનો અવાજ ઉઠાવી રહી છે. નર્મદા જિલ્લામાં પણ હજારોની સંખ્યામાં લોકોના નામ કાપવાની અને ખોટા નામ જોડવાની ફરીયાદ મુદ્દે આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા વારંવાર રજુઆતો કરી રહ્યા છે અને તંત્ર પાસે જવાબ માંગી રહ્યા છે.




આજે આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવા, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ એસઆઈઆર મુદ્દે જવાબ માંગવા મામલતદાર કચેરીની મુલાકાત લીધી હતી પરંતુ ત્યાં ચેમ્બરોમાં ફકત ખાલી ખુરશીઓ જોવા મળી, આ મુદ્દે આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યુ હતુ કે નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે મામલતદાર ઓફીસ તેમજ આજુબાજુની તમામ ઓફીસોની ખુરશીઓ ખાલી જોવા મળી, એસઆઈઆર ની કામગીરીમાં હજારોની સંખ્યામાં ખોટી અરજીઓ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓના નામની અરજીઓ આવેલી છે. જેમના નામો દરેક વિસ્તારોમાંથી દિવસે ને દિવસે ખુલી રહ્યા છે તે બાબતની ખરાઈ કરતા આમ આદમી પાર્ટીની જિલ્લાની ટીમ ત્યાં સ્થળ પર પહોચી અને તેની જાણ ઓફીસના કર્મચારીઓને પડી તો તમામ ઓફીસોની ખુરશીઓ ખાલી જોવા મળી. આ સરકારી કર્મચારીઓ ભારતીય જનતા પાર્ટીના નેતાઓના ઈશારે એસઆઈઆર ની કામગીરીમાં ૭ નંબરનુ ફોર્મ ભરી અને મતદાર યાદીમાં ખોટા નામો ઉમેરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. લોકોની રજુઆતોને લઈને અમે મામલતદાર કચેરીએ ગયા હતા,

જે લોકોએ આ હજારોની સંખ્યામાં જે અરજીઓ આપી છે તે અરજદારોના નામ એમનુ સ્થળ અને એમનો મોબાઈલ નંબર, જે રજીસ્ટર માં એમની અરજીઓ નોંધી છે. તેની તમામ માહિતી જોઈએ અને સાથે સાથે તમામ મામલતદાર કચેરી અને અન્ય કચેરીમાં જે હજારો સંખ્યાઓમાં ફોર્મ ૭ ની અરજીઓ આવી છે એ અરજીઓ કોણે કરી છે તે બાબતે પણ સંપૂર્ણ માહિતી આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા છેલ્લા ૧૦-૧૫ દિવસથી માંગવામાં આવી રહી છે. પણ તેમ છતાં વહિવટી તંત્ર દ્વારા આજ દીન સુધી આ માહિતી આપવામા આવી નથી. જેને ધ્યાનમા રાખી આજે સ્થળ પર ગયા તો મામલતદાર ઓફીસ તેમજ આજુબાજુની તમામ ઓફીસના કર્મચારીઓની ખુરશીઓ ખાલી જોવા મળી. ભારતીય જનતા પાર્ટી દ્વારા આ અધિકારીઓને સાથે રાખીને ફકત નાંદોદ વિધાનસભા જ નહી સમગ્ર ગુજરાતમાં લાખોની સંખ્યામાં ખોટા મતદારો ઉમેરવાનો પ્રયાસ થઈ રહ્યો છે જેની તમામ જાગૃત નાગરીકોએ નોંધ લઈ અને આ તમામની તપાસ આવનારા દિવસોમાં થવી જોઈએ જો અધિકારીઓ અત્યારે જ ઓફીસોમાં હાજર નથી રહેતા તો પ્રજાના તો જે પ્રશ્નો લઈને આવે છે પ્રજા ના કામ કેવી રીતે થતા હશે.

# એસઆઈઆર માં ગજબનો છબરડો : પ.બંગાળમાં મતદાર યાદીમાં એક જ વ્યકિતના ૩૮૯ સંતાનો : એસઆઈઆર ની ખુલી પોલ

પ્રતિનિધિ,ગાંધીનગર

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર ની કાર્યવાહી દરમિયાન મતદાર યાદીમાં આશ્ચર્ય જનક બાબતો બહાર આવી છે. વીરભુમિ જિલ્લાનો કિસ્સો તો ભારે ચોંકાવનારો છે. નાનુર વિધાનસભા વિસ્તારમાં એક વ્યકિતને ૩૮૯ મતદારોનો પિતા બતાવતા તે મુદ્દે કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો છે. હાવડા જિલ્લામાં પણ ૩૧૦ મતદાતાઓના પિતા એક જ છે, અનેક જિલ્લામા મતદારોના માતા પિતાનુ નામ એક સમાન હોવાથી તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર ની પ્રક્રિયા વખતે આવા કેટલાય કિસ્સા બહાર આવ્યા છે. રાજયમાં ૭ એવા કિસ્સા જોવા મળ્યા છે કે જેમાં તેમના સંતાનોની સંખ્યા ૧૦૦ કરતા વધારે ગણવામાં આવી છે.




મુર્શિદાબાદ ૧૯૯ મતદારોએ તેમના માતા પિતાનુ નામ એક સમાન બતાવ્યુ છે. જલપાઈગુડી અને નાગરકાટા માં ૧૨૦ મતદારોના માતા પિતાનુ નામ એક સરખુ છે. આસનસોલ માં ૧૭૦ મતદાતાઓએ તેમના માતા પિતાનુ નામ એક સરખુ રાખ્યુ છે, રાજયમાં ૨ લાખ થી વધારે મતદારોના સંતાનોની સંખ્યા ૬ કે તેનાથી વધારે દર્શાવાઈ છે. ૮૬૮૨ કિસ્સામાં મતદારોના સંતાનોનો આંકડો ૧૦ થી વધારે છે. આ બાબત શંકાસ્પદ હોવાથી ચુંટણી કમિશને રાજયના મુખ્ય સચિવ નંદીની ચક્રવર્તીને પત્ર લખીને આ બાબતોની જાણકારી આપી છે અને તેમને યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ પણ આપ્યો છે. ચુંટણીપંચે આ બાબતે મુખ્ય સચિવને ૯ ફેબ્રુઆરી સુધીમાં જવાબ આપવાનો નિર્દેશ પણ કર્યો છે. સુપ્રિમ કોર્ટમાં આ મામલે દલીલો થઈ તે પછી ચુંટણીપંચે આ આંકડા જાહેર કર્યા છે. આ મુદ્દે બે ઈલેકશન રજીસ્ટર ઓફીસર, બે આસી. ઈલેકશન રજીસ્ટર ઓફીસર, એક ડેટા ઓપરેટર વિરૂધ્ધ ફરીયાદ દાખલ થઈ છે. આ કાર્યવાહી ઓગસ્ટ ૨૦૨૫ થી ચાલી રહી છે. બશીરહાટમાં બીડીઓ સુમિત્રા પ્રિતમ પ્રધાનને આવા કિસ્સામાં સસ્પેન્ડ કરાયા હતા. તેમના પર આરોપ હતો કે તેમણે જાતે જ આદેશ આપીને આસી. ઈલેકશન રજીસ્ટર ઓફીસરની ભરતી કરી હતી.

લગ્નસરાની સિઝનમાં બાળ લગ્નોની ભરમાર

# મહિસાગરમાં ૭ દિવસમાં ૪ લગ્ન અટકાવાયા

છેલ્લા એક અઠવાડિયામાં જિલ્લામાં કુલ ચાર બાળલગ્નો અટકાવવામાં આવતા સામાજિક જાગૃતિ સામે મોટા સવાલો ઊભા થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહિસાગર

મહિસાગર જિલ્લામાં હાલ ચાલી રહેલી લગ્નની સીઝન વચ્ચે બાળલગ્નના કિસ્સાઓ ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે. ત્યારે લુણાવાડાના ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ સમયસૂચકતા વાપરી વધુ એક બાળલગ્ન અટકાવ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં જિલ્લામાં કુલ ચાર બાળલગ્નો અટકાવવામાં આવતા સામાજિક જાગૃતિ સામે મોટા સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, લુણાવાડાના ગ્રામ્ય વિસ્તારમાં એક બાળલગ્ન યોજાવાના હોવાની બાતમી વહીવટી તંત્રને મળી હતી. બાતમીના આધારે અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. દસ્તાવેજોની ચકાસણી કરતા સામે આવ્યું હતું કે, અભ્યાસ કરતા છોકરાના લગ્ન કરાવવામાં આવી રહ્યા હતા. વરરાજાની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોવાથી અધિકારીઓએ પરિવારને સમજાવ્યા હતા અને લગ્ન અટકાવ્યા હતા.

મહિસાગર જિલ્લામાં માત્ર એક જ અઠવાડિયામાં બાલાસિનોરમાં ૨ અને લુણાવાડામાં ૨ બાળલગ્ન અટકાવ્યા હતા. સરકારી કર્મચારીઓ દ્વારા શાળાઓ અને પંચાયતોમાં સતત જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવતા હોવા છતાં, ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ બાળલગ્નનું પ્રમાણ જોવા મળી રહ્યું છે.જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ લોકોને અપીલ કરી છે કે કાયદા મુજબ લગ્ન માટે છોકરીની ઉંમર ૧૮ વર્ષ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી અનિવાર્ય છે. ઉંમર ઓછી હોય તો તે ગુનો બને છે. જિલ્લામાં ચાલી રહેલી લગ્નની સીઝન પર તંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે. કોઈ પણ સ્થળે બાળલગ્ન થતા હોવાની જાણ થાય તો તરત જ જાણ કરવી. બાળકોના ભવિષ્ય અને અભ્યાસ સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.